ISBN-978-81-973071-4-0
First Edition



**Dr. Kinjalba.D.Chudasama** She has completed her Graduation in Economics in the year 2016, Master Degree in Economics in 2018, She cracked her Gset exam in 2022. She has also earned Ph.D. degree in Economics. She has an overall experience of 1 years in this profession. She has interested in Agriculture Economics, Micro and Macro Economics, International Economics. 8 Research papers/Articles in reputed Educational Journals and also presented more than papers at state, National and International level conferences/seminars She is working as an Assistant Professor in Maniben M.P. Shah Mahila Arts College Kadi.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-973071-4-0



ISBN-978-81-973071-4-0
First Edition

# Agriculture Economics

**Dr. Kinjalba D. Chudasama**

**"Agriculture Economics"**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-4-0
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-4-0

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રસ્તાવના

પ્રસ્તુત પુસ્તકને પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે જેમાં પ્રથમ પ્રકરણમાં કૃષિનો અર્થ, ભારતીય અર્થતંત્રમાં કૃષિનું મહત્વ, ભારતમાં કૃષિની સ્થિતિ, ભારતીય કૃષિને અસર કરતા પરિબળો, ભારત સરકારની કૃષિનીતિ, ભારતના કૃષિક્ષેત્રે સરકારે લીધેલા મુખ્ય પગલાંનો  સમાવેશ થાય છે.

બીજા પ્રકરણમાં હરિયાળી ક્રાંતિ એટલે શું, હરિયાળી ક્રાંતિનાં પ્રેરક બળો, હરિયાળી ક્રાંતિની અસરો, હરિયાળી ક્રાંતિની સમસ્યાઓને આવરી લેવામાં આવે છે

ત્રીજા પ્રકરણમાં ખેતી વિકાસનો કાર્યક્રમની ચર્ચા કરવા આવી છે.

ચોથા પ્રકરણમાં કૃષિ વિકાસનું ભાવી અંગે રજૂઆત કરવામાં આવી છે.

પાંચમા પ્રકરણમાં સંપોષિત વિકાસનો ખ્યાલ, સંપોષિત કૃષિ, સંપોષિત કૃષિ વિકાસનો અર્થ, સંપોષિત કૃષિના ધ્યેય, સંપોષિત પધ્ધતિ અને આધુનિક ખેતી પદ્ધતિ, સંપોષિત કૃષિ વિકાસના પ્રશ્નોની ચર્ચા કરેલ છે.

**ડૉ. કિંજલબા ડી. ચુડાસમા**

ISBN-978-81-973071-4-0
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | ભારતીય કૃષિ | 1 |
| 2 | ભારતમાં હરિયાળી ક્રાંતિ અને નવી ટૅક્નોલૉજી | 9 |
| 3 | ખેતી વિકાસનો કાર્યક્રમ | 17 |
| 4 | કૃષિ વિકાસનું ભાવી | 23 |
| 5 | સંપોષિત કૃષિ વિકાસ | 27 |
| 6 | નવી કૃષિ નીતિ | 32 |
| 7 | કૃષિમાં ક્રાંતી (પરિવર્તનના 10 વર્ષ) | 40 |
| 8 | સજીવ ખેતી | 46 |
| 9 | કૃષિ અને ડિજીટલાઈઝેશન | 52 |
| 10 | સરકારની વિવિધ ખેડૂતલક્ષી યોજના | 61 |
| 11 | સંદર્ભો | 72 |

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રકરણ ૧: ભારતીય કૃષિ

## પ્રસ્તાવના

ભારતીય અર્થતંત્રને મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં વિભાજીત કરવામાં આવે છે: ખેતી, ઉદ્યોગો અને સેવા ક્ષેત્ર. ભારતીય અર્થતંત્રનો મુખ્ય વ્યવસાય ખેતી છે. દેશનાં 60 ટકા જેટલા લોકોને રોજગારી ખેતી દ્વારા આપવામાં આવે છે. જયારે ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા લગભગ 12 ટકા અને સેવાક્ષેત્ર દ્વારા 28 ટકા રોજગારી આપવામાં આવે છે. ભારત આઝાદ થયો એના પછી ઔદ્યોગિક વિકાસ ઝડપી બન્યો છે. અને સાથે સાથે આર્થિક વિકાસએ એક નવું સ્વરૂપ ધારણ કર્યું છે. પરંપરાગત ભારતમાં કાપડ અને હસ્તકલાનાં ક્ષેત્રનો વિકાસ થયો, જેના કારણે ખેત-પેદાશોની માંગ સદંતર વધતી ગઈ. પરંતુ, ઔદ્યોગિક ક્રાંતિ થયા બાદ, ખેતી સાથે સંલગ્ન ઉદ્યોગો અને આધુનિક ઉદ્યોગોનું વર્ચસ્વ વધતું ગયું. લોકો ખેતી ક્ષેત્રથી ઉદ્યોગો તરફ આકર્ષિત થયા છે કારણ કે પ્રતિકૂળ વાતાવરણ અને હવામાનનાં સંજોગો, અનિયમિત આવકનો પ્રવાહ, વધતી જતી વસ્તી રોજગારીની અછત, ગરીબી, મોંઘવારી જેવી ઘણી સમસ્યાઓ જવાબદાર છે. છતાં પણ માનવ સંસ્કૃતિમાં વિકાસના ભાગરૂપે કૃષિ એ હંમેશા મહત્વનો ભાગ ભજવ્યો છે.

## કૃષિનો અર્થ

કૃષિ એ લેટિન એગ્રીકલ્ચર શબ્દમાંથી લેવામાં આવેલ અંગ્રેજી શબ્દ છે, જેમાં એગર એટલે "એક ફિલ્ડ" અને કલ્ચરા એટલે "વાવેતર" થાય છે, જેનો સંપૂર્ણ અર્થ, "જમીનનું ખેડાણ'" થાય છે. આથી કૃષિનો અર્થ - "જમીન કે જમીનોનું ખેડાણ" એવા ગણાવી શકાય.

## ભારતીય અર્થતંત્રમાં કૃષિનું મહત્વ

### (1) જીવન નિર્વાહનું સાધન

ભારતની મોટા ભાગની વસ્તી ખેતીને જીવનનિર્વાહનાં સાધન તરીકે ઉપયોગ કરે છે. ખેડૂતોનાં કુંટુંબીજનોની સંખ્યા વધતી જાય છે અને ખેતી ક્ષેત્ર આવી સ્થિતિમાં આવકનાં સાધન તરીકે કાર્ય કરે છે.

### (2) ખાદ્યચીજો અને અન્નનાં ઉત્પાદન માટે

વિકાસશીલ કે વિકસતા દેશોમાં નાગરિકોનો મોટા ભાગનો ખર્ચ ખાદ્ય ચીજો અને અન્નની ખરીદી પાછળ કરવામાં આવે છે. દિન પ્રતિદિન ભારતમાં વસ્તી વધારાનાં કારણે અન્નની માંગવધતી જાય છે. જેને પહોચી વળવા કૃષિવિકાસ જરૂરી છે.

### (3) ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડવો

કૃષિ ક્ષેત્ર એ ખેતઉત્પાદન કરીને ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે. જો ખેતીક્ષેત્રે આવક વધશે, તો વપરાશી વસ્તુઓની માંગ વધારી, ઉદ્યોગો અને સેવાને પરોક્ષ રીતે બજાર પુરુ પાડી શકાય છે.

**(4) ગરીબી ઘટાડવા**

ભારત ગામડા અને શહેરોનો બનેલો દેશ છે, પણ ગામડાઓની સંખ્યા શહેરો કરતા વધારે જોવા મળે છે. આ ગામડાઓમાં ગરીબી ઘટાડવા માટે કૃષિ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને પાકની તરાહમાં પરિવર્તન લાવી ઉત્પાદન અને ઉત્પાદક વધારી વધારો રોજગારીનું સર્જન કરી ગરીબી ઘટાડવામાં મદદરૂપ થાય છે.

**(5) નાના અને સૂક્ષ્મ સ્તરનાં ઉદ્યોગોનો વિકાસ**

કૃષિ ક્ષેત્રનાં કારણે નાના અને સૂક્ષ્મ સ્તરનાં ઉદ્યોગોનાં વિકાસને વેગ મળે છે. પછાત વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનાં લોકો દ્વારા ચલાવવામાં આવતા નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને કાચોમાલ કૃષિક્ષેત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.કૃષિક્ષેત્ર દ્વારા ચા, કોફી, તેલીબિયા, તમાકુ, મરીમસાલા, ફળો, શાકભાજી, ઘઉં, ઉત્પાદનમાં અને નિકાસમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવવામાં આવે છે. જેના વધતો જણાય છે.ભાવની સ્થિરતા રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો, રોજગારી આપનાર,ગામડાને બજાર સુધી પહોંચાડી લોકોની આવકમાં વધારો કરવામાં ભાગ ભજવે છે.

## કૃષિની સ્થિતિ

ખેતી અને જંગલ વ્યવસ્થા દ્વારા અન્ન અને સામગ્રીનું થતું ઉત્પાદન છે. કૃષિમાં વિવિધતા અને તકનીકો જોવા મળે છે, જેમાં પાણીની નહેરો ખોદીને અને અન્ય પ્રકારની છોડના વિકાસ માટે યોગ્ય જમીનનાં વિસ્તરણનાં માર્ગોનો સમાવેશ થાય છે. પાકોનું વાવેતર અને પશુપાલન એ કૃષિની પાયાની પ્રવૃત્તિઓ ગણાય છે. કૃષિના વિવિધ સ્વરૂપો બદલવા અને કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રયત્નો રહ્યા છે. વિકસિત દેશોમાં આ સ્વરૂપોમાં ટકાઉ કૃષિ અને ઘનિષ્ઠ કૃષિનો સમાવેશ છે. 1968 બાદ આધુનિક કૃષિવિદ્યા, વનસ્પતિ સંવર્ધન, જંતુનાશક દવાઓ, સુધારેલાસિંચાઈ, યાંત્રીકરણ અને રાસાયણિક ખાતર વગેરે જેવા ટેકનોલોજીકલ પરિબળોનો ખેત ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવામાં આવી છે. જેને હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખવામાં પરંતુ, હરિયાળી ક્રાંતિની કેટલીક મર્યાદાઓ છે, જેવી કે મર્યાદિત વિસ્તારોમાં વિસ્તરણ, આર્થિક અસમાનતામાં વધારો, મર્યાદિત પાકમાં જ હરિયાળી ક્રાંતિનો લાભ, ધિરાણનાં પ્રશ્નો, ૧. ટેકનોલોજી બાબતે ૨. યોગ્ય જ્ઞાનની અછત ઉત્પાદન ખર્ચમાંજ વધારો વગેરે ગણાવી શકાય.

ભારતમાં કૃષિ વિકાસ માટે કૃષિમાં રૂપાંતરરણીયતા અત્યંત જરૂરી છે. કૃષિ રૂપાંતર માટે ટેકનોલોજીકલ પરિવર્તનો સાથે સંસ્થાકીય પરિવર્તનો જરૂરી છે. સંસ્થાકીય માળખું ખામીવાળુ હોવાથી ભારતમાં હરિયાળી ક્રાંતિની સફળતા મર્યાદિત રહી છે. તેથી ખેત ઉત્પાદકતા વધારવા માટે અને આવકની અસમાનતા ઘટાડવા માટે કૃષિક્ષેત્રે સંસ્થાકીય પરિવર્તનો જેમ કે જમીન સુધારા, જમીનદારી પ્રથા નાબૂદી, ગણોતધારા જમીનની ટોચ મર્યાદા જમીનનું એકત્રીકરણ, કૃષિધિરાણ અને કૃષિ વેચાણ વગેરે જેવા જરૂરી પરિવર્તનો પર ભારત સરકાર દ્વારા ભાર મુકવામાં આવ્યો. મુખ્ય કૃષિ પેદાશોને વ્યાપક રીતે ખોરાક, ફાઈબર, ઈંધણ, કાચો માલ, ઔષધ નિર્માણ વિજ્ઞાન અને ઉદીપક તથા અન્ય બીજી વસ્તુઓમાં વહેંચી

શકાય. વીસમી સદીની શરૂઆતમાં રોકવા માટે કૃષિક્ષેત્રે સંસ્થાકીય પરિવર્તનો જેમ કે જમીન સુધારા, જમીનદારી જમીનની ટોચ મર્યાદા જમીનનું એકત્રીકરણ, કૃષિધિરાણ અને કૃષિ વેચાણ પર ભારત સરકાર દ્વારા ભાર મુકવામાં આવ્યો.વ્યાપક રીતે ખોરાક, ફાઈબર, ઈંધણ, કાચો માલ, ઔષધ નિર્માણ અન્ય બીજી વસ્તુઓમાં વહેંચી શકાય. વીસમી સદીની શરૂઆતમાં રોક ફોસ્ફેટ, જીવાણુંનાશકો અને યાંત્રીકરણ સાથે સિન્થેટિક નાઈટ્રોજન વગેરે એ પાકની ઉત્પાદકતામાં જંગી વધારો કર્યો હતો. અનાજનાં પુરવઠામાં વધારો થતા પશુધનનુ પોષણ, માટે આહાર પણ સસ્તા બન્યા. આ ઉપરાંત, વાર્ષિક વધારાનો અનુભવ પાછળથી 20મી સદીમાં ત્યારે ઘઉં અને મકાઈ જેવા ધાન્યોમાં હરિયાળી ક્રાંતિનાં લીધે ઉત્પાદકતામાં વધારો ખોરાકનાં પૂરતા જથ્થાની ખાતરી માટે કૃષિ ક્ષેત્રને આર્થિક મદદ, કરી હતી.ઘઉં,મકાઈ, ચોખા, સોયાબિન અને દૂધ જેવી કેટલીક ચોક્કસ વસ્તુઓ સાથે જોડાયેલી. છેલ્લી સદીમાં કૃષિની વધેલી ઉત્પાદકતા-સિન્થેટીક ખાતરો અને જંતુનાશકો દવાઓને ઉપયોગ, જુવાર, બાજરી, મગફળી, કપાસ, શણ વગેરેની નિકાસો પશુપાલન, ઉછેર ભારતમાં થાય છે. યાંત્રીકરણ, પાણીનીદૂષિતતા અને ખેતીની રાહતો દ્વારા દર્શાવવામાં આવી છે. આમ દાયકામાં ટકાઉ કૃષિ તરફ વલણ કેટલાક ખેડૂતોમાં વધતું જોવા મળ્યુ હતું. વર્ષ 2007માં દેશના ત્રીજા ભાગનાં કામદારો કૃષિ ક્ષેત્રે રોજગારી મેળવતા હતા. વર્ષ 2008માં કૃષિ અંગેની જાગૃતિમાં વધારો થતા, જેના કારણે કૃષિક્ષેત્રે રોજગારીમાં વધારો થતો જણાયો હતો.

## ભારતીય કૃષિને અસર કરતા પરિબળો

હરિયાળી ક્રાંતિ પછી ભારત દેશ સામે ઘણા પડકારો આવ્યા છે વૈશ્વિકીકરણનાં કારણે કૃષિક્ષેત્રને ઘણા પરિબળો અસર કરે છે.

### (1) અનિશ્ચિત આબોહવા

ગ્લોબલ વોર્મિંગનાં કારણો ભારતમાં આબોહવાની બાબતે સતત અનિશ્ચિતતા જોવા મળે છે.વરસાદી ખેતી પર નભતા ખેડૂતોનું પ્રમાણ વધારે છે. અને વરસાદમાં પણ અનિયમિતતા જોવા મળે અને વારંવાર આવતી સુનામી, ઓટ, ભૂકંપ કારણે કૃષિની ઉત્પાદકતા ઘટી રહી છે.

### (2) વધતી જતી વસ્તી

ભારતમાં વસ્તી વધારો સતત પ્રમાણમાં વધતો જાય છે. જેના કારણે વસવાટની જગ્યા માટે ખેતીની જમીનોનો ઉપયોગ બાંધકામ માટે થવા લાગ્યો છે અને બીજી બાજુ જમીનનાં વારસાયિક વિભાગીકરણનાં લીધે જમીનનાં ખેતી માટેના કદ નાના થતા ગયા છે, જે ખેતીની ઉત્પાદકતા ઘટાડે છે. ત્રીજુ, લોકોની વસ્તી વધતા માંગ પણ વધતી જાય છે પણ ઉત્પાદન વધારો ન થતા, આવી માંગને પહોંચી વળવામાં તકલીફ પડે છે.

### (3) આધુનિકરણ અને યાંત્રીકરણ

ભારતમાં આધુનિકકરણ અને યાંત્રીકરણનાં લીધે ઉદ્યોગોનો ઉત્પાદન વૃદ્ધિદર વધ્યો છે, પણ એની સામે કૃષિનો ઉત્પાદન દર ઘટયો છે. એનું મુખ્ય કારણ એ કે કૃષિક્ષેત્રે ગામડાનાં લોકો પાસે આધુનિકીકરણ અને

યાંત્રીકરણ અપનાવવા માટે કુશળતા હોતી નથી. ઓછી આવક ખેતરનું કદપણ નાનું હોવાના કારણે નવા યંત્રોનો ઉપયોગ કરી શકતો નથી. તે અંતે કૃષિની ઉત્પાદકતા ઘટાડે છે.

**(4) શહેરીકરણનો પ્રસાર**

શહેરીકરણ એટલે શહેરી વિસ્તારોનો પ્રસાર વધારવો 40% થી વધુ ઝડપે શહેરીકરણ આપણે ત્યાં જોવા મળે છે. આધુનિક જીવનધોરણો, ઉદ્યોગનો વિકાસ, ગામડાઓનાં કદમાં ઘટાડો, ગ્રામીણ પ્રજાનું શહેર પ્રત્યેનું આર્કષણ, વસ્તી વિસ્ફોટ, શહેરમાં રોજગારીની તકો સામે કુશળતામાં ખામી વગેરે કારણોનાં લીધે લોકો ખેતી તરફથી આગળ શહેર તરફ વધ્યા છે. જેના કારણે છેવટે ખેતીની ઉત્પાદકતા ઘટવા લાગી છે.

**(5) પર્યાવરણને નુકસાન**

કૃષિનાં હરિયાળી ક્રાંતિ પછી રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ટેકનોલોજીના વધારે પડતા ઉપયોગના કારણે પાણીનું પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ અને હવાનું પ્રદૂષણ વધ્યુ છે. જે પર્યાવરણને નુકશાન પહોંચાડે છે. જેની આડ અસરના ભાગરૂપે નવાનવા રોગને આમંત્રે છે.

**(6) મૂડીની અછત**

ભારત જેવા દેશમાં મૂડીની અછત છે, છતાં યાંત્રીકરણ દાખલ કરવામાં આવ્યુ છે જેના કારણે માનવ શ્રમનો ઉપયોગ પુરતો કરવામાં આવતો નથી અને દેશમાં બેકારીમાં વધારો થતો જાય છે અને મૂડી ની અછતના કારણે ખેડૂતો વ્યવસ્થિત પદ્ધતિથી ઉત્પાદન કરી શકતા નથી.

**(7) ઉદ્યોગીકરણ**

ઉદ્યોગોને પ્રાધાન્ય બીજી પંચવર્ષીય યોજનાથી આપવામાં આવ્યું હતું. જેના પગલે હાલમાં પણ ભારત સરકાર ઉદ્યોગો પર વધારે ભાર મૂકે છે અને કૃષિને મહત્વ ઓછુ આપે છે, જે કૃષિઉત્પાદકતાને સીધી રીતે અસર કરે છે.

**(8) સામાજિક વાતારવરણ**

ભારતના ગ્રામ્ય સમાજનું સામાજિક વાતાવરણ નીચી ઉત્પાદકતા માટે જવાબદાર છે.મોટાભાગના ખેડૂતો અશિક્ષિત, વહેમી, રૂઢિચુસ્ત છે. અંધશ્રદ્ધા જ્ઞાતિવાદમાં રચ્યા પચ્યા રહે છે. જેને પરિણામે કોઈ નવી ટેકનોલોજી, વ્યુહરચના ઝડપથી સમજી શકતા નથી.

**(9) અન્ય પરિબળો**

જમીન પરનાં દબાણમાં વધારો, સિંચાઈની અછત, કુદરતી આપત્તિ, ગરીબી, બેકારી, કુંટુંબોનાં વધતા કદના પ્રમાણ, સાક્ષરતા પ્રમાણ, સરકારી યોજનાઓ વિષે ઓછી જાણકારી અને પ્રસારણમાં ખામી, ટેકનોલોજી મોંઘી, નીચા આધાર ભાવ અથવા નીચી ટેકાની કિંમત વગેરે જેવા અન્ય પરિબળો કૃષિ અસર કરે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

**ભારત સરકારની કૃષિનીતિઃ-**

દેશની કૃષિનીતિ મુખ્યત્વે ખેત ઉત્પાદન વધારવા માટે, ઉત્પાદકતા વધારવા માટે, અને ખેડૂતોની આવક તથા જીવન ધોરણમાં સતત વધારો કરવા માટે બનાવવામાં આવી છે. આ નીતિનો હેતુ કૃષિ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરવાનો છે. કૃષિને લગતો સમસ્યાઓને, કુદરતી સ્રોતનો બિનકાર્યક્ષમ ઉપયોગ, ઓછી મૂલ્ય ધરાવતી કૃષિપેદાશને પ્રાધાન્ય, ખામીયુક્ત ખર્ચ-લાભનો ગુણોત્તર અને સહકારી ખેતીનાં વિકાસનું નીચુ પ્રમાણ તથા સ્વ-સહાયક જૂથ (Self help Group)નું ઓછુ વિસ્તરણ વગેરે જેવી સમસ્યાઓ દૂર કરવી એ ભારતીય કૃષિનીતિના મુખ્ય હેતુઓ છે.

**કૃષિનીતિનાં મુખ્ય હેતુઓ :-**

**(1) કૃષિસંસાધનોની ઉત્પાદકતા વધારવી**

કૃષિ સંસાધનોની ઉત્પાદકતામાં સુધારેલ બિયારણ, ખાતર, જંતુનાશક દવા, સિંચાઈની સુવિધા દ્વારા સુધારો કરવો એ મુખ્ય હેતુ છે.

**(2) હેકટર દીઠ ઉત્પાદનનાં મૂલ્યમાં વધારો કરવો**

કૃષિ નીતિનો મુખ્ય હેતુ બીજો એ છે કે હેકટર દીઠ ઉત્પાદન મૂલ્યમાં વધારો કરવો જેનો લાભ નાના અને સીમાંત ખેડૂતોને મળતો રહે.

**(3) ગરીબ ખેડૂતોને સંરક્ષણ**

કૃષિનીતિ નો એક મહત્વનો હેતુ ગરીબ ખેડૂતોનાં હિતનું સંરક્ષણ કરવાનો છે. જેમાં સરકારે મધ્યસ્થીને નાબૂદી અને જમીન સુધારાથી ગરીબ ખેડૂતોનાં હિતને રક્ષણ આપવાનો નિર્ણય કર્યો છે.

**(4) ખેતી ક્ષેત્રે આધુનિકતા**

ચોથો મુખ્ય હેતુ કૃષિનીતિનો એ કે, ખેતીક્ષેત્ર આધુનિકતા અપનાવવાનો છે, જેમાં આધુનિક ટેકનિકલ, સુધારેલા બિયારણ, રાસાયણિક ખાતર, સિંચાઈનાં સાધનો, ટ્રેક્ટર, પંપ, આધુનિક સિંચાઈ અને જંતુનાશક દવાઓનો સમાવેશ થાય છે.

**(5) પર્યાવરણીય અધોગતિની ચકાસણી**

કૃષિનીતિ એ એક હેતુ પર્યાવણીય અધોગતિની ચકાસણી કરવાનો રાખ્યો છે અને જરૂરી પગલા લેવામાં આવશે. વૃક્ષારોપણ, અને જમીનની ફળદ્રુપતા વધારવી વગેરે પગલાં લઈને પર્યાવરણની રક્ષા કરવામાં આવશે.

**(6) કૃષિ સંશોધન અને કૃષિ તાલીમ**

કૃષિનાં સંશોધન અને કૃષિ તાલીમને પ્રોત્સાહન આપવાનો હેતુ પણ ભારતનો કૃષિનીતિ દ્વાર નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેના લાભ દ્વારા ખેડૂત અને સંશોધન સંસ્થા વચ્ચે ગઢ બને છે. જમીનને પણ ટેસ્ટીંગ કરાવી જરૂરી માત્રામાં ઇનપુટ ઉમેરવામાં આવે છે.

**(7) અમલદારશાહી ને લગતી અડચણો દૂર કરવો**

આ કૃષિનીતીનો મુખ્ય હેતુ અમલદાર શાહી ને લગતી અડચણો દૂર કરવાનો છે. સહકારી મંડળીઓ કો-ઓપરેટ સોસાયટીઓ અને સ્વનિર્ભર સંસ્થાઓ પરનો અંકુશ દૂર કરવો. રાષ્ટ્રીય કૃષિનીતિ, 2000 વર્ષ 2000માં, એનડીએ સરકારે રાષ્ટ્રીય કૃષિનીતિ જાહેર કરી હતી. જેનો મુખ્ય હેતુઓ સાધનોનાં સક્ષણ ઉપયોગ દ્વારા અને ટેકનોલીજનો સહાય દ્વારા ખાનગી રોકાણ વધારવુ, 4 ટકા વાર્ષિક કૃષિ વૃદ્ધિદર મેળવવો અને ખેડૂતોને કિંમત રક્ષણ પુરુ પાડવાનો છે. આ વાર્ષિક વૃદ્ધિદર વર્ષbઅને ટેકનોલોજીના સહાય દ્વારા ખાનગા રોકાણ વધારવું, 4 ટકા અને ખેડૂતોને કિંમત રક્ષણ પુરુ પાડવાનો છે. આ વાર્ષિક વૃદ્ધિદર વર્ષ 2005 સુધી મેળવવો અને આ વૃદ્ધિદર વિવિધ માળખાગત, સંસ્થાકીય, કૃષિગત, પર્યાવરણીય,આર્થિક અને કર સુધારા વગેરેનાં આંતરસંબંધ દ્વારા મેળવવાની બાબત આ કૃષિનીતિમાં નક્કી કરવામાંઆવી છે. 1990નાં નીચા કૃષિના વૃદ્ધિદરનાં અભવના કારણે, આ નીતીની રચના ખૂબ જ જરૂરીહતી. નીતીનાં અનુભવ મુજબ વર્ષ, 1990નાં નીચા કૃષિ વૃદ્ધિદરના મુખ્ય કારણોમાં મિલકતનીઅછત માળખાગત સુવિધાની ખામી, કૃષિ પેદાશોનાં સંગ્રહ અને વેચાણ પર અંકુશ વગેરેનો સમાવેશ થાય છે.આ કૃષિનીતિ એ ખાધસુરક્ષા અને પોષણક્ષમ્ય આહાર દેશનાં મોટા ભાગેની વસ્તીને મળી રહે તથા મોટા પુરવઠામાં કાચો માલસામાન પણ ઉદ્યોગોને પહોંચાડી શકાય, તેની સાથે સાથે નિકાસ

માટે પણ વધારાનો પુરવઠો રાખી શકાય, તદ્દુપરાંત ખેડૂતોને ઝડપી અને સમાન વળતર મળી રહે તેવી પદ્ધતિ જોડે કૃષિ વૃદ્ધિદર સતત વધે એની ખાતરી કરે છે.તેથી, રાષ્ટ્રીય કૃષિનીતિનાં (2000) એ નીચે મુજબનાં મુખ્ય હેતુઓ નિર્ધારિત કરવામાં આવેલ છેઃ

(1) કૃષિક્ષેત્રે 4 ટકા વાર્ષિક વૃદ્ધિદર મેળવવો.

(2) સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવો અને કુદરતી સંસાધનોની સાચવણી કરવી.

(3) સમાન વૃદ્ધિદર મેળવવો એટલે કે એવો વૃદ્ધિદર મેળવવો કે જેનો પ્રસાર ખૂબ જ પહોળો હોય અને દેશનાં દરેક પ્રદેશ અને વિવિધ પ્રકારે ખેડૂતો સુધી પ્રસાર હોય.

(4) માંગ-ચલિત વૃદ્ધિદર મેળવવો અને સ્થાનિક બજારોને પ્રોત્સાહન આપી કૃષિ નિકાસ દરમિયાન જે આવતા પડકારોનો સામનો આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ દ્વારા કરવો.

(5) ટકાઉ ટેકનોલોજી પર્યાવરણ અને આર્થિક સ્થિરતા દ્વારા વૃદ્ધિદર મેળવવો.

## કૃષિમાં ટકાઉપણુ

આર્થિક સ્થિરતા, ટેકનોલોજીકલ સહાય પર્યાવરણને બીનજોખમી, ઓછા જોખમી અનેસામાજને સ્વીકાર્ય એવા કુદરતી સંસાધનોનો ઉપયોગ કરી કૃષિમાં ટકાઉપણુ લાવવાની વાત આ કૃષિનીતિ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે.આ કૃષિનીતિની વ્યૂહ રચના પરિપૂર્ણ કરવા માટે નીચે મુજબના પગલા સૂચવવામાં આવે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

- કૃષિ અને વનનાબુદી માટે બિન ઉપયોગી વસાહતોનો ઉપયોગ કરવો.
- જમીન પર જૈવિક દબાણ અને બિનકૃષિ ઉપયોગ માટે કૃષિ જમીનનાં અનિશ્ચિત વિભાગને નિયંત્રિત કરવા
- બહુપાક પદ્ધતિ અને આંતરિક પાક પદ્ધતિ દ્વારા પાકની તીવ્રતા વધારવી.
- જમીન અને સપાટીનાં પાણીનાં બુદ્ધિગમ્ય ઉપયોગ પર ભાર મૂકવો જેથી જમીનનાં પાણી નાસંસાધનોનું વધુ શોષણ કરી શકાય, ડ્રિપ અને સ્પ્રિંકલર સિંચાઈ સિસ્ટમ જેવી બહેતર તકનીકોઅપનાવવી જેથી પાણીનાં વધુ આર્થિક અને કાર્યક્ષમ ઉપયોગ ની વ્યવસ્થા કરી શકાય.
- વરસાદનાં આધારે દેશનાં પાકનાં વિસ્તારનાં બે-તૃતિયાંશ ભાગનાં વિકાસ માટે વોટરશેડ
- એપ્રોચ અને વોટર હોવેસ્ટિંગ પદ્ધતિ અપનાવીને ટકાઉ વરસાદી ખેતી માટે સખત રીતે લાંબાગાળાનાં પરિપ્રેક્ષ્ય યોજનાને અમલ કરવો. પર્યાપ્ત નાણાકીય પ્રોત્સાહનો અને વૃક્ષો અને ગોચરની પ્રાપ્તિ પૂરા પાડવાનાં જેના દ્વારા વિશાળજાહેર વસાહત પરચિકત્સા / વનસંર્ધન કાર્યક્રમોનાં વિકાસમાં ખેડૂતો અને ભૂમિ મજૂરોની સામેલગીરીની માંગ કરવામાં આવશે.

**ભારતના કૃષિક્ષેત્રે સરકારે લીધેલા મુખ્ય પગલાં**:

• **ઓર્ગેનિક ફાર્મિંગ** - સરકાર એકીકૃત ફાર્મ પદ્ધતિ દ્વારા જમીન અને પાકની ગુણવતા અને ફળદ્રુપતા વધારવા માટે ઓર્ગેનિક ફાર્મિંગને વધુ મહત્ત્વ આપી રહી છે.

• **સોઇલ હેલ્થ કાર્ડ** – ખેડૂતોના ખેતરો પ્રમાણે સોઇલ હેલ્થકાર્ડ એ જમીનની ફળદ્રુપતા તથા જરૂરી પોષકતત્ત્વો વિશે માહિતી આપે છે.

• **પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના** - આ યોજના અંતર્ગતસિંચાઇ દ્વારા આવરી લેવામાં આવતી જમીનનો વિસ્તાર વધારવો અને ચોમાસા પર નિર્ભરતા ઘટાડવી. આ ઉપરાંત, જળ રિચાર્જ પદ્ધતિઓમાં વધારો કરી ટકાઉ જળ સંરક્ષણ પ્રથાઓ દાખલ કરવી.

• **નીમ કોટેડ યુરિયા** - તેનાથી જમીનના સ્વાસ્થ્યમાં સુધારાની સાથે રસાયણોના વપરાશમાં ઘટાડો, ભૂગર્ભ-

જળના પ્રદૂષણમાં ઘટાડો તથા સબસિડીવાળા યુરિયાની અન્ય ઉદ્યોગોમાં થતી ચોરીને અટકાવી શકાશે.

• e-NAM - તેનાથી કૃષિ ઉપજોનું ડિઝિટલ માર્કેટિંગ શક્ય બનતાં વચેટિયાઓમાં ઘટાડો થશે તથા વેપારીઓ વચ્ચે સ્પર્ધા થવાથી ઉપજની સ્થિર કિંમતોથી અંતે ગ્રાહકોને ફાયદો થશે.

• **પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના** - આ યોજના દ્વારા કુદરતી આફતો, જીવાતો અને રોગોના પરિણામે સૂચિત પાક નિષ્ફળ જવાની સ્થિતિમાં ખેડૂતોને વીમા કવરેજ અને નાણાકીય સહાય પૂરી પાડવી. આ યોજના દ્વારા ખેડૂતોને નવીન અને આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

• **મેગા ફૂડ પાર્ક યોજના** - આ અંતર્ગત મહત્તમ મૂલ્યવૃદ્ધિ, બગાડ ઘટાડવા, ખેડૂતોની આવકમાં વધારો અને રોજગારીની તકોનું સર્જન કરવા માટે ખેડૂતો, પ્રોસેસર્સ અને છૂટક વિક્રેતાઓને એકસાથે લાવીને બજાર સાથે કૃષિઉત્પાદનને જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

• **ફૂડ પ્રોસેસિંગ** - નેશનલ ફૂડ પ્રોસેસિંગ મિશન અંતર્ગત કૃષિ પેદાશોના બગાડની સમસ્યા દૂર કરવી અને ઉચ્ચ આવકની સંભાવના ઊભી કરવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. આ માટે ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરો, ફૂડ પાર્ક્સ અને એગ્રીકલ્ચર સેઝનો વિકાસ કરવામાં આવે છે.

• **ઓપરેશન ગ્રીન** - આ એક ભાવ નિર્ધારણ યોજના છે જેનો ઉદ્દેશ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO), કૃષિ-લોજિસ્ટિક્સ અને કૃષિ ઉત્પાદનના વ્યાવસાયિક સંચાલનને પ્રોત્સાહન આપવાનો છે. તે ટામેટાં, ડુંગળી અને બટાટા (TOP) ના સંગઠિત માર્કેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ, સરકાર 'Farm to Fork' સુધી તમામ સ્તરે વિવિધ યોજનાઓ તથા પહેલો દ્વારા સતત પ્રયત્નશીલ છે. જેમાં વ્યાપક કૃષિ સમુદાય, દબાણ જૂથો, ખાનગી ક્ષેત્ર તથા કેન્દ્ર-રાજ્ય સરકારો સહિત વિવિધ હિતધારકોની સામૂહિક ભાગીદારી સમાવિષ્ટ થાય તો ખેડૂતોની આવક બમણી કરવામાં મદદ મળશે.

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રકરણ ૨: ભારતમાં હરિયાળી ક્રાંતિ અને નવી ટેક્નૉલૉજી

## પ્રસ્તાવના

ખેતીવિકાસનો મુખ્યત્વે તો ઉત્પાદકતા વધારવાનો જ પ્રશ્ન અને તે માટે ખેતીમાં અદ્યતન ટેક્નોલૉજીનો યોગ એક આવશ્યક શરત છે. ટેક્નોલૉજિકલ સુધારા અપનાવ્યા વિના ખેતીની ઉત્પાદક્તામાં પણ ધાર્યો વધારો મેળવી શકીએ એમ નથી. કૃષિક્ષેત્રે આ અદ્યતન ટેક્નોલૉજીનાં વિવિધ પાસાઓનો સંકલિત રીતે ઉપયોગ કરવાની રીતને સામાન્ય રીતે હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે.

## શું હરિયાળી ક્રાંતિ એટલે શું?

હરિયાળી ક્રાંતિને વીસમી સદીની એક મહત્ત્વની માનવસિદ્ધિ તરીકે ગણવામાં આવે છે.હરિયાળી ક્રાંતિની શરૂઆત ૧૯૪૦ના દશકા દરમિયાન મેક્સિકોમાં થઈ હતી.પરંતુ ત્યાર બાદ વિશ્વના અન્ય દેશોમાં તેનો ઝડપી પ્રસાર થયો. તાજેતરનાં વર્ષોમાં ભારતમાં કૃષિક્ષેત્રે જે અદ્યતન ટેક્નોલૉજી અપનાવવામાં આવી શું છે તેનાં વિવિધ પાસાંનો સંકલિત રીતે ઉપયોગ કરવાની રીતને હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. ખેતીની જૂની અને પ્રણાલિકાગત પદ્ધતિઓને બદલે આધુનિક તેને વૈજ્ઞાનિક પદ્ધતિઓનું ઝડપી વિસ્તરણ થઈ રહ્યું છે.

## હરિયાળી ક્રાંતિનાં પ્રેરક બળો

**(1) વધુ પેદાશ આપતી બિયારણની જાતો** તાજેતરના વર્ષોમાં વધુ પેદાશ આપતા બિયારણની જાતો અંગે મહત્વનું સંશોધન થયું છે અને આ પ્રકારના બિયારણ હેઠળનો વિસ્તાર ઉત્તરોત્તર વધતો રહ્યો છે. એક અંદાજ મુજબ બિયારણના ઉપયોગને લીધે હેક્ટર દીઠ ઉત્પાદક્તામાં લગભગ ૫ થી ૮ ગણો વધારો થયાનું જણાય છે. ઘઉં, ચોખા, બાજરી, શેરડી, કપાસ વગેરેના પાકમાં વધુ પેદાશ આપતાં જાતોમાં ખાસ ઉપયોગ થયો છે. આ બિયારણની જાતોના કેટલાંક નામ આ પ્રમાણે છે ઘઉંની વામન જાતો પીવી ૧૮, કલ્યાણ સોના ૨૨૭, સોનાલિકા એસ-૩૦૮, બાજરી ૧. ચોખામાં આઈ.આર.-૮ જ્હોના - ૩૫૧, શેરડીમાં કો-૧,૧૪૮ કો-૬૭-૧૬ ની જે-૩૪ વગેરે. આ નવા બિયારણનો ઉતાર જૂનાં બિયારણ કરતાં લગભગ ૪૦ના વધારે હોવાનું જણાય છે. ૨૦૦૫-૨૦૦૬ના વર્ષથી અમલી બની છે અને અત્યાર સુધીમાં ૧,૩૬,૦૩૩ બે ટન જેટલું કૃષિમંત્રાલય દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણનું ઉત્પાદન અને વહેંચણીની તત્વ જ હતો. એ જ રીતે ગામડાઓને આ યોજના હેઠળ આવરી લેવાયાં છે; અને ૨૦૦૯-૨૦૧૦ સુધીમાં ૧૮૩૯ દેવાનો અંદાજ લાખ ક્વિન્ટલ જેટલા પ્રમાણિત ગુણવત્તાવાળા બિયારણનું ઉત્પાદન થયું હતું. કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા માટે સુધારેલું બિયારણ અતિ મહત્ત્વનું સ્થાન વર્ષ આગળના અને તે સંદર્ભમાં સરકાર તરફથી હાલના ૧૯૬૬ના બિયારણધારા (Seeds Act, 19 સ્થાને નવો ધારો લાવવાની દરખાસ્ત છે. પ્રસ્તુત નવા ધારા અન્વયે:

1) બિયારણ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી પગલા લેવામાં આવશે.

2) બિયારાની નિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે તથા અમુક ઉપયોગી ખાસ જાતના બિયારણની આયાતની વ્યવસ્થા કરવામાં આવશે.

3) આ ક્ષેત્રે સંશોધન અને વિકાસ (Research and Development} પડે મૂડીરોકાણની ફાળવણી કરવામાં આવશે.

બિયારણ અંગેનો સુધારેલો ખરડો ૨૦૦૪માં રાજ્ય સભામાં રજૂ કરવામાં આવ્યા અને ત્યાર બાદ તે કૃષિ બાબતો અંગેની સંસદીય સમિતિને સુપ્રત કરવામાં આવ્યો હતો. સમિતિએ ૨૦૦૮માં પ્રસ્તુત ખરડામાં કેટલાંક મહત્વના સુધારા સૂચવ્યા હતા અને તે આગળની કાર્યવાહી હવે પછી હાથ ધરવામાં આવશે. અત્રે એ નોંધવું ઘટે કે વધુ પેદાશ આપતાં બિયારણ હેઠળનો વિસ્તાર પાક હેઠળ વિસ્તારના લગભગ ૫૫ ટકા જેટલો અંદાજાયો છે.

**2) લીલો ત્રિકોણ**: બિયારણની આ નવી જાતો પાકનો વધુ ઉત્તાર આપે છે એટલું નહિ, પરંતુ તે પાક ઉતાર સમયના ઓછા ગાળામાં આપે છે. આના લીધે એક જ જમીનમાં વર્ષમાં ત્રણ પાક લેવાનું શક્ય બન્યું છે. ભારતમાં બહુમુખી પાક પદ્ધતિ (multiple croppin વધુ ને વધુ પ્રચલિત બનતી જાય છે.

**3) સિંચાઈ**: બિયારણની નવી સુધારીલી આ જાતો પાણીની પુરતી સગવડ માંગી લે છે વળી, જો જમીનમાંથી એક થી વધુ વખત પાક લેવો હોય તો પણ સિંચાઈની સગવડ અનિવાર્ય બની જાય છે આયોજન કાળ દરમિયાન દેશમાં સિંચાઈની સવલતોમાં ઉતરોત્તર વધારો થઈ રહ્યો છે દાખલા તરીકે 1950- 51માં દેશમાં સિંચાઇ ક્ષમતા વધીને 811 લાખ હેક્ટર જેટલી થઈ હતી જે જે માર્ચ 2010 ના અંતે વધીને ₹1082 લાખ હેક્ટર થઈ હતી.

**4) રાસાયણિક ખાતરની વપરાશ**: સુધારેલા બિયારણો અને સિંચાઈની સાથે રાસાયણિક ખાતરનો પણ જો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો એકર દીઠ ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો મેળવી શકાય છે એક રીતે જોઈએ તો રીતે જોઈએ તો સુધારેલું બિયારણ સિંચાઈ અને રાસાયણિક ખાતર ત્રણેય ઉપકરણોનું ઈષ્ટતમ સંયોજન કૃષિ ઉત્પાદકતા વધારવામાં મહત્વનો ફાળો આપે છે તાજેતરમાં વર્ષોમાં ભારતમાં રાસાયણિક ખાતરની વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે 1950-51મા ખાતરની વપરાશ માત્ર 13 લાખ ટન હતી જે 2009-2010મા વધીને લગભગ 264.86 લાખ ટન થવાનો અંદાજ હતો એ જ રીતે 2009-10 ના વર્ષમાં તમામ પ્રકારના ખાતરનો કુલ ઉત્પાદન 161.21 લાખ ટન જેટલું અંદાજ્યું હતું જ્યારે લગભગ 91.58 લાખ ટન ખાતરની આયાત કરાઈ હોવાનો અંદાજ થયો હતો

**5) પાક સંરક્ષણ**: પાક સંરક્ષણનો કાર્યક્રમ પણ હરિયાળી ક્રાંતિનો એક અંતર્ગત ભાગ છે જીવજંતુઓ અને છોડના અન્ય રોગો ઉભા પાકને નુકસાન પહોંચાડે છે અને સુધારેલા બિયારણ રાસાયણિક ખાતર તથા સિંચાઈના લાભોને ભૂંસી નાખે છે આથી તાજેતરના વર્ષોમાં પાક સંરક્ષણનો કાર્યક્રમ પણ વિસ્તારમાં આવ્યો છે એ જ રીતે પાક સંરક્ષણ માટે જંતુનાશક દવાનો વપરાશ પણ ઉતરોતર વધી રહ્યો છે.

ISBN-978-81-973071-4-0
First Edition

**6) યાંત્રિકરણનો ફાળો**: હરિયાળી ક્રાંતિના પરિબળોમાં યાંત્રિકરણનો ફાળો પણ ઘણો મહત્વનો રહ્યો છે ટ્રેક્ટરસ હાર્વેસ્ટર પંપિંગ સેટ ટયુબેલ વગેરે અદ્યતન સાધનો અને યંત્રોનો ઉપયોગ તાજેતરના વર્ષોમાં ઉતરોતર વધી રહ્યો છે તદુપરાંત તળાવ કુવામાંથી સિંચાઈનું પાણી કાઢવા માટે સેન્ટી ફ્યુગલ પંપની વપરાશ પણ વધી રહી છે તેવી જ રીતે જંતુનાશક દવાઓ છાંટવાના યંત્રોનો વપરાશ અને ઉત્પાદનમાં પણ તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વધારો થયો છે.

**7) ધિરાણની જોગવાઈ**: હરિયાળી ક્રાંતિ માટેના જરૂરી ઉપકરણો જેવા કે સુધારેલું બિયારણ રાસાયણિક ખાતર અધ્યતન સાધનો જંતુનાશક દવાઓ વગેરે ખરીદવા માટે ખેડૂતોને સમયસર પૂરતા પ્રમાણમાં અને વ્યાજબી દરે ધિરાણ મળી રહે એ પણ એટલું જ મહત્વનું છે આથી તાજેતરના વર્ષોમાં સહકારી સંસ્થાઓ સહકારી ધિરાણ મંડળીઓ સહકારી બેંકો જમીન વિકાસ બેંક તથા રાષ્ટ્રીયકૃત બેંકો અને પ્રાદેશિક ગ્રામ્ય બેંકો આ ક્ષેત્રમાં તેમની કામગીરી વિસ્તારી છે.

**8) વિકાસલક્ષી તળિયાના ભાવો**: કૃષિ ઉત્પાદન વધારવા માટે ખેડૂતોએ કરેલા મૂડી રોકાણ પર તેને વ્યાજબી વર્કર મળી રહેવું જોઈએ તો જ એ અધ્યતન ટેકનોલોજી અને સાધનોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત થશે આથી તાજેતરના વર્ષોમાં સરકારે કૃષિ પેદાશો માટે વિકાસ લક્ષી તળિયાના ભાવો નીતી અપનાવી છે જેનો હેતુ ખેડૂતોને પોષણ સંભાળોની ખાતરી આપવાનો છે કે જેથી તેઓ ખેતીમાં મૂડી રોકાણ કરી ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહિત થાય.

## હરિયાળી ક્રાંતિની અસરો

1) **ખેતીનું રૂપાંતર**

   અદ્યતન ટેકનોલોજીના ઉપયોગના લીધે ખેતીના પરંપરાગત સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે દાખલા તરીકે, સ્વનિભાવ ખેતીનું બજારલક્ષી ખેતીમાં રૂપાંતર થતું જાય છે વિસ્તૃત ખેતીનું સ્થાન સઘન ખેતી એ લીધું અને એક પાક પદ્ધતિને બદલે બહુ પાક પદ્ધતિ અપનાવી રહી છે વધુમાં ખેતી ક્રાંતિ એક હારમાળા સર્જાઈ રહી છે જેમ કે અન્ન ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ દૂધ અને દૂધની પેદાશો માટે શ્વેત ક્રાંતિ અને દરિયાઈ પેદાશો માટે ભૂરી ક્રાંતિ તેલીબિયાં અને ખાદ્યતેલો માટે પીડી ક્રાંતિ બાયોગેસ માટે બ્રાઉન ક્રાંતિના યુગના મંડાણ થયા છે નવી ટેકનોલોજીમાં વધુમાં વધુ ઉપયોગ માટે દેશના ખેડૂતોને જાગૃત અને ઉત્સાહી બનતા જણાય છે.

2) **ઉત્પાદકનમાં કે નોંધપાત્ર વૃદ્ધિ**

   હરિયાળી ક્રાંતિને લીધે કૃષિ ઉત્પાદન અને તેમાંય ખાસ કરીને અનાજના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે દાખલા તરીકે 1960-61માં અનાજનો ઉત્પાદન 820 લાખ મેટ્રિક ટ્રોન હતું જે 1970-71માં વધીને 1084 લાખ ટન અને 2010 અગિયારમાં તે વધીને લગભગ 2,320 લાખ મેટ્રિક ત્રણ જેટલું અંદાજાયું હતું વિશેષ કરીને ઘઉંની બાબતમાં જે હરિતક્રાંતિ થઈ હતી તેના પરિણામે ઘઉંની બાબતમાં આપણે સ્વાવલંબી બન્યા છીએ એટલું જ નહીં પરંતુ ઘઉંની નિકાસ

ISBN-978-81-973071-4-0
First Edition

કરવાની ક્ષમતામાં પણ ધરાવતા થયા છીએ ઘઉં ઉત્પાદક દેશ તરીકે વિશ્વમાં ચીન અને અમેરિકા પછી આપણો ત્રીજો ક્રમ છે અલબત્ત કેટલાક વિદ્વાનોનોએ એવો પણ અભિપ્રાય ધરાવે છે કે અન્ન ઉત્પાદનમાં થયેલો આ વધારો કેવળ હરિયાળી ક્રાંતિને જ આભારી નથી સાનુકૂળ કુદરતી પરિબળોનો પણ તેમાં અમુક હિસ્સો વધુમાં અત્રે એ પણ યાદ રાખવું જોઈએ કે આ ગાળામાં અન્ન ઉત્પાદનમાં થયેલા વધારામાં અનેક ઉતાર ચડાવ નજરે પડે છે તેમ જ સાનુકૂળ અને પ્રતિકૂળ કુદરતી પરિબળો ની પણ તેમાં અસર વર્તાય છે.

3) **અનાજનો અનામત જથ્થો ઉભો કરી શકાય છે** અનાજના ઉત્પાદનમાં તાજેતરના વર્ષોમાં થયેલો મબલક વધારો કે જે કેટલીક અંશે ચોક્કસ પણે  હરિયાળી ક્રાંતિ ને આભારી છે તેને લીધે આપણે અનાજનો જંગી અનામત જથ્થો ઉભો કરી શક્યા છીએ એપ્રિલ 2011માં સરકાર પાસે 441.8,3નો અનાજનો અનામત જથ્થો હતો જે બફર સ્ટોકના જરૂરી નિયમ કરતા લગભગ બમણાથી પણ વધારે હતો આટલો જથ્થો લક્ષ્યાંક જાહેર વ્યવસ્થા ની જરૂરિયાત અને સમાજની અન્ય યોજનાઓની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતો હતો એવી જ રીતે આ જુથાના ભાવોની સ્થિરતા તથા ફુગાજન્ય દબાણને અંકુશિત રાખવા માટે મહત્વનો ભાગ ભજવી શકે એમ છે આ જથ્થો છૂટો કરીને તેને યોગ્ય રીતે અને કાર્યક્ષમ વહેચણી દ્વારા ભાવોને કાબુમાં રાખી ગ્રાહકો અને તેમાંય વિશેષ કરીને સમાજના નિમ્ન આવકવાળા જૂથનું હિતનું રક્ષણ કરવાનું હેતુ છે.

4) **હરિયાળી ક્રાંતિના પરિણામે જુદા જુદા રાજ્યો વચ્ચે અનાજની હેરફેર પરના નિયંત્રણો દૂર થઈ શક્યા છે**

થોડાક વર્ષ અગાઉ અનાજની બાબતમાં દેશના જુદા-જુદા ઝોન પાડવામાં આવ્યા છે અને તે પ્રથા જનરલ પ્રથા તરીકે ઓળખાતી હતી આ પ્રથા અન્વયે આંતરરાષ્ટ્રીય અનાજની હેરફેર પર કડક અંકુશો હતા એના પરિણામે અને ગેર લીધી આચારવામાં આવી હતી વધુમાં આ પ્રથા રાષ્ટ્ર એક્યની ભાવના સાથે પણ અસંગત હતી પરંતુ અછતની પરિસ્થિતિમાં આવા નિયંત્રણો એક અનિવાર્ય અનિષ્ટ તરીકે સ્વીકારી લેવામાં આવતા હવે અન્ન ઉત્પાદન ક્ષેત્રે જ્યારે પરિસ્થિતિ સાનુકૂળ બની છે ક્યારે આવા નિયંત્રણો બિનજરૂરી ગણી તે દૂર કરવામાં આવ્યા છે.

5) **હરિયાળી ક્રાંતિએ ગ્રામ વિસ્તારોની આર્થિક આબાદી વધારી છે.**

ખેડૂતોની વપરાશના માળખામાં ગુણાત્મક ફેરફાર થયેલા જણાય છે. ગામડાના ખેડૂતો જીવન પ્રત્યે આધુનિક દષ્ટિએ કેળવી રહ્યા છે ગ્રામ વિસ્તારોમાં આજે વીજળી, રેડિયો, ટાન્ઝિસ્ટર, ટેલિવિઝન, પંખી, સ્ટીલ ફર્નિચર,જીપ, સ્કુટર, મોટર સાયકલ,ટેરિલિન અને ટેરિકોટન કાપડ અને એવી તો અનેક અધતન સુખસગવડ તથા મોજશોખ અંગેની વસ્તુઓની વપરાશ થતી જોવા મળે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

6) **હરિયાળી ક્રાંતિને પરિણામે ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.**

આવકમાં થયેલા આ વધારાનો કેટલાક હિસ્સા સરકાર કરવેરાના રૂપમાં લય શકે એમ છે આ અંગે જો હિમ્મતભયા પગલાં લેવામાં આવે તો કૃષિક્ષેત્રેમાંથી વિકાસની યોજનાઓ માટે સારા એવા પ્રમાણમાં નાણાકીય સાધનો પ્રાપ્ત કરી શકાય એમ છે.

## હરિયાળી ક્રાંતિની સમસ્યાઓ

**1) હરિયાળી ક્રાંતિ અમુક પાકો પૂરતી જ મર્યાદિત રહી છે.**

હરિયાળી ક્રાંતિનો વ્યાપ અત્યાર સુધી અમુક પાકો પૂરતો જ મર્યાદિત રહેવા પામ્યો છે જેમ કે ઘઉં,મકાઈ, બાજરી અને જુવાર આ ક્રાંતિને સવિશેષ સફળતા તો ઘઉંની બાબતમાં મળી છે મકાઈ, બાજરી અને જુવારના પાકો માટે પણ આ ક્રાંતિને એકંદરે મર્યાદિત સફળતા મળી છે, જ્યારે ડાંગરની બાબતમાં આ ક્રાંતિને શરૂઆત થઈ ચૂકી છે અને અમુક વિસ્તારોમાં સારા પરિણામો પણ આવ્યા છે.

**2) હરિયાળી ક્રાંતિનો ઉપયોગ અમુક વિસ્તારો પુરતો જ મર્યાદિત રહ્યો હોવાથી પ્રાદેશિક અસમાનતા સર્જાઈ**

હરિયાળી ક્રાંતિનો વ્યાપ કેવળ પાકની દષ્ટિએ મર્યાદિત રહ્યો છે એટલું જ નહીં પરંતુ વિસ્તારની દૃષ્ટિએ પણ મર્યાદિત રહેવા પામ્યો છે દાખલા તરીકે વધુ પેદાશ આપતા બિયારણ, રાસાયણિક ખાતર વગેરેનો ઉપયોગ એ વિસ્તારોમાં વધુ પ્રમાણમાં રહ્યો છે જ્યા સિંચાઈની સવલતો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે બીજી રીતે કહીએ તો પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુ જેવા રાજ્યોના વિસ્તારોમાં કે જ્યાં સિંચાઈની સવલતો પ્રમાણમાં વિકસેલી છે ત્યાં અધતન ટેકનોલોજીનો ઉપયોગ થયેલો જણાય છે, જ્યારે દેશના કેટલાંય વિસ્તારોમાં તેનો પ્રસાર થવાનો બાકી છે આમ, પાક અને વિસ્તારની દૃષ્ટિએ ટેકનોલોજીના મર્યાદિત વ્યાપને લીધે પ્રાદેશિક અસમાનતા સર્જાઈ છે આથી આગામી વર્ષોમાં સૂકી ખેતીના વિસ્તારોમાં તથા દેશના પૂર્વીય વિસ્તારોમાં અધતન ટેકનોલોજી પ્રસારણ થાય એ માટેના જરૂરી પગલાં લેવાના રહેશે.

**3) હરિયાળી ક્રાંતિના ઉપયોગથી ઉદભવેલા કેટલાક પ્રશ્નો**

રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના મોટા પ્રમાણમાં ઉપયોગને લીધે પાણીનો ઘણા વધુ પ્રમાણમાં વપરાશ થતા ભૂગર્ભ જળ પ્રવાહ ઘટતા જળ સમસ્યા સર્જાયેલ છે એ જ રીતે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓની વપરાશથી ખોરાકની ગુણવત્તાના પ્રશ્નો થી માનવ- આરોગ્યના ક્ષેત્રે ઘણા પ્રશ્નો ઉદભવ્યા છે વળી તાજેતરના સંશોધનાત્મક અભ્યાસના એક તારણ મુજબ ખાતરને દવાની વપરાશને લીધે જમીનની ફળદ્રુપતા પર પણ પ્રતિકૂળ અસરો પડતી જણાઈ છે આમ, હરિયાળી ક્રાંતિથી જમીન અને ખોરાકના પ્રદૂષણના પ્રશ્નો વધ્યા છે જે માનવ સર્જિત પ્રદુષણ કહી શકાય.

ISBN-978-81-973071-4-0
First Edition

**4) મૂડીરોકાણની સમસ્યા**

અધ્યતન ટેકનોલોજીને સફળ બનાવવા જે નવી વ્યુહરચના જરૂરી છે તેમાં સિંચાઇનો વ્યાપક ઉપયોગ, સુધારેલા બિયારણો, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ અત્યંત આવશ્યક છે. પરંતુ આ બધું ભારે ખર્ચાળ છે બીજા શબ્દોમાં કહીએ તો ખેતીમાં અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં મુડીરોકાણ માગી લે છે. અધ્યતન ટેકનોલોજીના ઉપયોગ માટે ધિરાણની સવલતોનું વિસ્તરણ થાય એ જ પુરતુ નથી આ ધિરાણનો લાભ નાના ખેડૂતોને મળવો જોઈએ નહીં તો ક્રાંતિના ફળ અમુક વર્ગ પૂરતાં જ મર્યાદિત થઈ જશે અને ખેતીક્ષેત્રે ઈજારાશાહીની પરિસ્થિતિ સર્જાશે.

**5) આવકની અસમાનતા**

તાજેતરમાં થયેલા સંશોધાત્મક અભ્યાસ ઉપરથી જાણવા મળે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં આવકની અસમાનતા વધતી જાય છે મોટા ખેડૂતો નવી ઉત્પાદન પદ્ધતિ અપનાવી તેનો લાભ મેળવી શકે છે જ્યારે નાના ખેડૂતો બહુ જ નજીવા પ્રમાણ માં આ ટેકનોલોજીનો લાભ લઈ શક્યા છે પરિણામે મોટા ખેડૂતો અને નાના ખેડૂતો વચ્ચે અસમાનતા વધી છે હરિયાળી ક્રાંતિ થી ધનિક ખેડૂતોને વધુ લાભ થયો છે બી.બી દાસના શબ્દોમાં કહીએ તો કહેવાતી હરિયાળી ક્રાંતિ માત્ર સમૃદ્ધિ ધરાવતા વર્ગ પૂરતી જ મર્યાદિત રહી છે જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં આર્થિક સ્થિતિમાં વિશાળ અંતર પૂરતી મર્યાદિત રહી છે જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં આર્થિક સ્થિતિમાં વિશાળ અંતર પડી રહ્યું છે.

**6) જમીન ધારાઓની અસરકારક અમલ આવશ્યક છે**

અધ્યતન ટેકનોલોજીની સફળતા માટે જમીન સુધારાનો અસરકારક અમલ અનિવાર્ય છે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યોએ જમીન સુધારાઓ પસાર કર્યા છે પરંતુ તેના અમલની બાબતમાં ગણિત શિથિલતા જોવા મળે છે સાથનો નિયમન, ખેડહકની સલામતી ગણોતિયાઓની માલિકી હકની પ્રાપ્તિ જમીન માલિકોની નોંધણી વગેરે કાયદાઓનો અમલ અસરકારક અને કાર્યક્ષમ રીતે થાય એ હવે અત્યંત જરૂરી બન્યું છે આમ થશે તો જ નાના અને સીમાંત ખેડૂતો તથા ગણોતિયાઓને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું પ્રોત્સાહન રહેશે.

**7) અન્ય વર્ગોનો ખેતીક્ષેત્રમા પ્રવેશ**

અધ્યતન ટેકનોલોજીને લીધે ખેતીમાં પ્રવેશી રહેલા એક નવા વર્ગ પ્રત્યે ધ્યાન આપવાની આવશ્યકતા અને તકેદારી રાખવાની ખાસ જરૂર છે ખેતીમાં સમૃધ્ધ ખેડૂતોને સિવાય રાજકીય નેતાઓ, ઉધોગપતિઓ, વ્યાપારીઓ, કોન્ટ્રાક્ટરો,સામાજિક, સિનેકલા વગેરે પણ પ્રવેશી રહ્યા છે.

## હરિયાળી ક્રાંતિના બોધપાઠ

- હરિયાળી ક્રાંતિના પાકનો વ્યાપ વધારવા માટે ચોખા, દાળો, કઠોળ, કપાસ, શણ, તેલીબિયાં, શેરડી, શાકભાજી, અને ફળો વગેરે બાબતોમાં ખેત સંશોધનને વેગ આપવો ઘટે છે.

- સિંચાઈની સવલતોના વિકાસ પર ખાસ ભાર આપવાનો રહેશે કારણકે સુધારેલા ઉપકરણોનો ઉપયોગ પૂરતા અને ખાતરીયુક્ત પાણીની ઉપલબ્ધતા માંગી લે છે.
- નવી ટેકનોલોજીનો સ્વિકારી અને તેનો ફેલાવો તેના માહિતી - પ્રસારણના વ્યાપ પર આધારે રાખે છે અને આ બાબત ખેડૂતોમાં સાક્ષરતાના પ્રમાણ પર આધારિત છે આથી નિરક્ષરતા નિવારણનો કાર્યક્રમ અને નવી ટેકનોલોજીની માહિતીનું પ્રસારણ, વિશેષ કરીને નાના અને સીમાંત ખેડુતોમાં, હરિયાળી ક્રાંતિના બહોળા પ્રસાર માટે મહત્વનું સાધન બની શકે છે.
- હરિયાળી ક્રાંતિનો પ્રસાર નાના ખેડૂતોમાં થવો જોઈએ કારણ કે કુલ ખેત જમીન પૈકી મોટાભાગના ખેતરો નાના કદના છે મોટા ખેતરોની તુલનામાં નાના ખેતરોની સંખ્યા ઘણી વધારે છે આવા નાના ખેતરોમાં અધ્યતન ટેકનોલોજીનો વ્યાપ વધારવા માટે નીચેના પગલાં સૂચવી શકાય
- જમીન સુધારણા કાર્યક્રમનો ઝડપી અસરકારક અમલ થવો ઘટે અને તેમાંય ખાસ કરીને જમીનની ટોચ મર્યાદાના કાયદા તથા ફાજલ જમીનની વહેંચણીના કાર્યને ખાસ અગ્રીમતા આપવામાં આપવાની રહેશે.
- નાના ખેડૂતોને સંસ્થાકીય ધિરાણની સવલતો સમયસર અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ જેથી તેઓ સુધારેલા ઉપકરણો ખરીદી શકે.
- ભાડા પદ્ધતિથી ખેત યંત્રો પૂરા પાડવા માટેની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ આ કાર્ય મહત્વ વિશે સરકાર દ્વારા થવું જ જોઈએ.
- કૃષિ પેદાશોના પ્રોસેસિંગ સંગ્રહ અને વેચાણ માટેની કાર્યક્ષમ વ્યવસ્થા કરવી જોઈએ વિકાસલક્ષી તળિયાના ભાવોની નીતિ નવી ટેકનોલોજીના ઉપયોગ માટે ખૂબ જ પ્રોત્સાહક નીવડી શકે છે.
- નાના ખેડૂતોને સહકારી ખેત ધિરાણ મંડળીઓની રચના કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ કારણ કે તે દ્વારા જ નાના ખેતરો ધરાવતા ખેડૂતો નવી ટેકનોલોજી નો ઇષ્ટતમ ઉપયોગ કરી શકશે.

**સમાપન**

તાજેતરના વર્ષોમાંના વર્ષોમાં ભારતની ખેતીમાં ભારતની ખેતીમાં અધ્યતન ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના લીધે હરિયાળી ક્રાંતિના મંડાણ થઈ ચૂક્યા છે અલબત્ત આ ક્રાંતિનો વ્યાપ જોકે હજુ મર્યાદિત રહ્યું છે પરંતુ જે વિસ્તાર અને પાકોની બાબતમાં આ ક્રાંતિ થઈ રહી છે ત્યાં ઉત્પાદકતામાં ગણના પાત્ર કહી શકાય એવો વધારો છે અને ત્યાં ખેતી વધુ સમૃદ્ધ બની છે. પરંતુ આ સાથે આપણી આગળ જોયું તેમ અત્યંત ટેકનોલોજીનો ઉપયોગના લીધે ગંભીર સમસ્યા પણ ઉદ્ભવવા પામી છે આથી આ સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવી આગામી વર્ષોમાં ક્રાંતિનો વ્યાપ વિસ્તારવા માટેના પ્રયાસ હાથ ધરવાના રહેશે વિશેષ કરીને મધ્યમ અને નાના ખેડૂતો સુધી અદ્યતન ટેકનોલોજી નો લાભ પહોંચે એ માટે સુયોજિત અને લેવા પડશે. તદુપરાંત ભારતમાં સાચા અર્થમાં હરિયાળી ક્રાંતિ સિદ્ધ કરવા માટે સમગ્ર ખેત નીતિ ખેત ઉત્પાદન

ISBN-978-81-973071-4-0
First Edition

પદ્ધતિ ખેત આયોજન અને સમગ્ર ખેડૂત સમાજને તે સ્પર્શે છે તે રીતે જ તેને યોગ્ય વણાંક આપવાનું રહેશે આ સંદર્ભમાં રાષ્ટ્રીય કૃષિ નીતિના મુદ્દસાની રજૂઆત આઠમી યોજનામાં કૃષિને આપેલી યોગ્ય અગ્રીમતા છેલ્લા બે વર્ષના કેન્દ્રના અંદાજપત્રમાં કૃષિ તથા ગ્રામ વિકાસ માટે વધુ નાણાકીય સાધનોની ફાળવણી તથા તાજેતરમાં સુધારેલી નવી આયાત નિકાસ નીતિમાં કૃષિ પેદાશોની નિકાસો તરફ વધુ જોક વગેરે પડેલા આવકાર્ય અને સાચી દિશાના લેખાવી શકાય.

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રકરણ ૩: ખેતી વિકાસનો કાર્યક્રમ

## પ્રસ્તાવના

અલ્પ વિકસિત દેશોની એક વિશેષતા એ છે કે રાષ્ટ્રની બહુ મોટી વસ્તી ખેતી ઉપર આજ આજીવિકા માટે આધાર રાખતી હોય છે કૃષિ વિકાસની સમસ્યા હલ કરવાની સાથે આ દેશો ઉદ્યોગ વિકાસ દ્વારા તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ ઔદ્યોગિક વિકાસ એટલો જ ઝડપી થઈ શક્યું નથી તેથી બિન ખેતી ક્ષેત્રમાં લોકોને વધુ રોજગારી પૂરી પાડી શકાય નહિ આના પરિણામે આજે પણ અગ્નેશિયા અને ઉત્તર અમેરિકાના કેટલાક ભાગોમાં ગ્રામ વિસ્તારોમાં વસ્તીની ગીચતા ન કલ્પી શકાય એટલી તીવ્ર છે.

એશિયા આફ્રિકા અને લેટિન અમેરિકાના અલ્પવિકસિત દેશોમાં વસ્તી વૃદ્ધિનો દર એટલો ઊંચો રહ્યો છે કે જેથી વસ્તીનું ભારણ ખેતી ઉપર વધતું જ રહ્યું છે ખેતી પર વસ્તીનું ભારણ વધવાથી જમીનની ખંડ વિભાજન અને ઉપવિભાજનની સમસ્યા આ બધા દેશો ઘેરીમાં ઘેરી બનવા માંડી છે જો આ દેશોમાં પણ મોટા ખેતરોનુ અસ્તિત્વ છે તેમ છતાં મોટાભાગે સરેરાશ ખેડૂતને ભાગે આવતી જમીન એટલી ઓછી હોય છે કે તેમાંથી ખેડૂતને પૂરતી આવક મળતી નથી અને વસ્તી વધારાની સમસ્યાને પરિણામે આ આવક ઘટતી રહી છે ખેતરમાં માણસને રોજગારી આપવાની જ હોવાથી એ રોજગારી અપૂર્ણ રોજગારી જ હોઈ શકે એ વિશે શંકા ન હોઈ શકે.

વિકસિત દેશોમાં ખેતીનો સંપૂર્ણપણે વાણિજ્યકરણ થયેલું હોય છે ત્યાં ખેડૂતોની ખેતી પ્રત્યેની દ્રષ્ટિ યોજક નાની જેવી જ હતી આવે છે તેની ઉત્પાદન પ્રત્યે દ્રષ્ટીયોજક કરતાં ખાસ ભિન્ન નથી તેણે ખેત પેદાશો વધુ પકવીને તેનું બજારમાં વેચાણ કરવાનું હોય છે સ્વપરાશ માટેનું ઉત્પાદન ત્યાં નજીવ હોય છે ખેડૂત અનેક પ્રકારની ચીજો વાપરે છે અને તેમાં ખોરાકનું સ્થાન અલ્પ છે એ જોતાં જ જે ઘર વપરાશ અને પેદાશ રાખે છે તે મહત્વ ઘણું અલ્પ હોય છે.

જ્યારે વિકાસ પામતા દેશોમા ખેતી એ જીવન નિર્વાહ માટેનું સાધન ગણાય છે આ પ્રકારની નિર્વાહ માટેની ખેતી વિકાસના ગંભીર પ્રશ્નો પેદા કરે છે આ પ્રશ્નો કેવળ આર્થિક સ્વરૂપના જ છે એવું નથી ખેડૂતના આર્થિક વલણો અને સામાજિક અને ધાર્મિક વાતાવરણથી ગાઢ રીતે પ્રભાવિત થયા હોય છે તેથી ખેતી વિકાસ એ માત્ર કેટલા ખેતીના સાધનો વધુ પ્રમાણ પૂરા પાડવાનો પ્રશ્ન નથી પરંતુ સામાજિક રીતે સાથે આર્થિક રીતે પ્રશ્ન એ રીતે જ પુછાયેલા છે તેની સમજ મેળવવી ખેતી વિકાસ માટેના મુખ્ય કાર્યક્રમો પ્રત્યે લક્ષ આપવાનું યોગ્ય ગણાશે.

ખેતી વિકાસ આર્થિક વિકાસને ત્રણ દ્રષ્ટિએ મદદરૂપ થઈ શકે એવું ડોક્ટર એસ આર સેમ નું મંતવ્ય છે. 1) મિશ્ર રાષ્ટ્રીય ઉત્પાદન વધારીને 2) અર્થકારણના અન્ય ક્ષેત્રોને જે અધિશેષ જરૂર છે તે તેમને કાચો માલ ખોરાક વગેરેના રૂપમાં પૂરો પાડીને 3) આર્થિક વિકાસ માટે જે આર્થિક અધિશેષ જરૂરી છે તે પાડીને ખેતી આર્થિક વિકાસમાં સહાયરૂપ થઈ શકે ભારત જેવા દેશોમાં જ્યાં ખેતીની રાષ્ટ્રીય આવક

નો 47 થી 50 જેટલો ભાગ પૂરો પાડે છે ક્યાં ખેતી વિકાસની અગત્ય વિશે વધુ ભાર મૂકવા ભાગ્યે જ જરૂર હોય છે અલ્પ વિકસિત દેશોનો ખેતીનો વિકાસ એટલો ઝડપી હોવું જોઈએ કે જેથી વસ્તી વૃદ્ધિના દર કરતા રાષ્ટ્રીય આવકની વૃદ્ધિનો દર ઉંચો રહે આ માટે ખેતી વિકાસનો વ્યાપક કાર્યક્રમ અમલ મૂકવો જોઈએ આ કાર્યક્રમ નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય એ આવશ્યક છે.

## યંત્ર વૈજ્ઞાનિક સુધારા

1) **સિંચાઈ**

જે દેશમાં વરસાદ અપૂરતો અને અનિયમિત છે ત્યાં કૃષિ ઉત્પાદન ઉપર તે ગાઢ અસર મૂકી શકે છે વર્ષો વર્ષ સ્થિતિના ઉત્પાદનમાં વધઘટ થતી જોવા મળે છે તેમાં વરસાદની અનિયમિતતાનો ફાળો ઈજીપ્ત ભારત પાકિસ્તાન ચીન જેવા દેશોમાં ઘણો હોય છે ખેતી માત્ર કુદરતની મહેરબાનીને આધીન વ્યવસાય ન રહે એમ જો કરવું હોય તો રાષ્ટ્રની ઉપલબ્ધિ જળ શક્તિનો સર્વોત્તમ ઉપયોગ કરીને વરસાદની અનિયમિતતામાંથી બધું જોઈએ આ હેતુથી આ અલ્પ વિકસિત દેશોમાં વિવિધ પ્રકારની સિંચાઈ યોજના નો વિકાસ પ્રત્યે ખાસ લક્ષ આપવું જોઈએ.

2) **સુધારેલા ઓજારો**

જે સાધનો વડે જે સાધનો વડે અલ્પવિકસિત દેશોમાં ખેડૂતોને કામ કરવાનો હોય છે તે પરંપરાથી મળેલા હોય છે આ ઓજારો ખેડૂતની કાર્યક્ષમતા સુધારવામાં અવરોધ પેદા કરતા હોય છે જો એક જ દીઠ ઉત્પાદન વધારવું હોય તો અધ્યતન ટેકનોલોજી એ અને અદ્યતન ઓજાર વડે ખેતીના વિવિધ પ્રક્રિયાઓ વિવિધ પ્રક્રિયાઓ થવી જોઈએ આ માટે ખેતીનું પશ્ચિમના દેશોના ધોરણે યાંત્રિકરણ થવું જોઈએ એવી કેટલીકવાર દલીલ કરવામાં આવે છે પરંતુ અલ્પવિકસિત દેશોમાં મોટાભાગે ખેડાણનું ઘટકનું કદ થોડાક અપવાદો બાદ કરતા સાર્વત્રિક રીતે ઘણું નાનું હોય છે તેથી ત્યાં ટ્રેક્ટર જેવા વિશાળ યંત્રો દ્વારા બધે ખેતી કરી શકાય તેવી આવશ્યકતા હોતી નથી આમ થતા ખેતીનું ઉત્પાદન વધારવા માટે કેટલાક સુધારા રહેલા ઓજાર અને યંત્રને સરળતાથી અપનાવી શકાય એમ છે આવા પસંદ કરેલા નાના યંત્રો વાપરવા તરફ આદેશોમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે આવા દેશો સુધારેલા લોખંડ હળવણી માટેના યંત્ર જંતુનાશક દવાઓ છાંટવાના સાધનો વગેરે અપનાવી ખેતીમાં દ્રવ્યય થતો અટકાવી શકાય તેમ જ વધુ પેદાશ પણ મેળવી શકાય.

3) **ખાતર**

એકર દીઠ ઉત્પાદનમાં વધારો લાવવામાં સિંચાઈની અગત્યની સૌથી વધારે છે આપણે જોઈ ગયા કે બીજું મહત્વનું સ્થાન ખાતરને મળે છે કારણ કે ઉત્પાદનમાં વધારો મેળવવામાં તે જલ્દીથી અસરકારક નીવડે છે જમીનનો કદ જાળવી રાખવાનું કાર્ય ખાતર કરે છે ભારતના ખેડૂતો પરંપરાથી કુદરતી ખાતરનો ઉપયોગ કરતા આવ્યા છે ઢોરના છાણ ખાતર માટે જાળવણી ખેડૂતોને

ISBN-978-81-973071-4-0
First Edition

ખૂબ કાળજીપૂર્વક કરતા જોયા છે એ દર્શાવે છે કે જમીનનો કદ જાણવા માટે કેટલું અગત્યનું છે તે ખેડૂતો બરાબર સમજે છે ડોક્ટર વો એલ કર પણ આ હકીકત પર ભાર મૂક્યો છે આ ખાતરનો પ્રશ્ન બે મુખ્ય કારણને લીધે ગુચવાયેલો રહ્યો છે.

4) સસ્તું તેમજ પૂરતું બળતણ ન મળી શકવાને લીધે ખેડૂતો છાણનો ઉપયોગ બળતણ તરીકે કરે છે અને તેથી કિંમત ખાતરનો આ રીતે દૂર વ્યર્થ થાય છે

5) બીજું કારણ એ છે કે વિકલ્પમાં બધા વાપરી શકાય એવા રાસાયણિક ખાતરો ગરીબ ખેડૂતો માટે મોંઘા છે તેનો પૂરતો જથ્થો પણ તેમને મળી શકતો નથી તેથી તેનો ઉપયોગ કરી શકાતો નથી ખેડૂતનું અજ્ઞાન પણ રાસાયણિક ખાતરનો ઉપયોગમાં અવરોધ છે જમીનનો કસ વધારવાનું નહીં પણ પાક પાડી છે એવી વ્યાપક માન્યતા પણ પ્રસરેલી છે આવા ખાતરનો દોષ કાઢવાનો ઉચિત નથી કારણ કે જમીનની જાત તપાસી તેને અનુરૂપ ખાતર વાપરવામાં આવે તો ઘણો ઉપયોગી થાય છે પરંતુ જો તે જોયા સિવાય ખાતરનો અનુચ્છેદ માત્રામાં ઉપયોગ થાય તો લાભને બદલે નુકસાન થાય એ સહાયક છે.

## બિયારણ

સુધારેલા બિયારણ થી ખેતી ઉત્પાદનમાં પાંચથી 13 ટકાનો વધારો થઈ શકે છે એવો અંદર અંદાજ ડોક્ટર dr.burns એ વ્યક્ત કર્યો હતો જ્યારે આયોજન પંચપંચ માને છે કે 10 થી 15 ટકાનો વધારો ઉત્પાદનમાં સરળતાથી મળી શકે તેમ છે હલકા બિયારણને લઈને નબળો પાક આવતો હોય છે અને તેની કિંમત પણ નીચી રહેતી હોય છે સારા બિયારણ થી ખેત ઉત્પાદન વધે છે તેની કિંમત પણ વધારે છે અને તે ખેત ઉત્પાદનનો ઉપયોગ કરનાર ઉપયોગને પણ ઘણો ફાયદો થાય છે દાખલા તરીકે શેરડીની સુધારેલી જાત વધુ sucrose મળે છે તેથી ખાંડના ઉત્પાદન ખર્ચ ઘટ્યું છે.

સામાન્ય રીતે કોઈપણ પાક હેઠળની જમીનના સુધારેલા બિયારણો હેઠળ લાવવામાં 5 થી 10 વર્ષનો સમય લાગે છે પણ ભારતમાં એથી વધુ સમય લાગે છે એનું મુખ્ય કારણ તો સુધારેલા બિયારણ કરી એની વહેંચણીનું કાર્ય કરે એવી વ્યવસ્થાનો અભાવ છે આથી જ સરકાર બિયારણવાળીઓને સ્થાપી સુધારેલા બિયારણનો પુરવઠો વધારવાનો પ્રયત્ન કરે છે સુધારેલા બિયારણનો ઉપયોગ અને તેનો પૂરેપૂરો લાભ એ માટે ખાતરોને પણ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ આમ સુધારેલા બિયારણો અપૂરતો પુરવઠો ઉપરાંત રાસાયણિક ખાતરોની તંગી પણ કેટલેક અંશે સુધારેલા બિયારણ નો ઉપયોગ વ્યાપક બનાવવામાં મુશ્કેલી ઊભી કરે છે.

## ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ

આ દિશામાં ઘણું ઉપયોગી કામ કર્યું તેમ છતાં એમના પ્રયાસો મુખ્યત્વે શેરડી જેવા રોકડ પાકો પૂરતા જ મર્યાદિત રહ્યા છે ઘઉ સિવાયના અન્ય ધાન્ય પાકોમાં ચોખા બાજરી કઠોળ મોટાભાગના જમીન પર હજુ સુધારેલા બિયારણનો ઉપયોગ થતો નથી.

ISBN-978-81-973071-4-0
First Edition

## ખેતીમાં સારા બિયારણનું અગત્ય

પ્રયોગ પરથી પુરવાર થયું છે કે સુધારેલા બિયારણો વાપરવાથી પાકના ઉત્પાદનમાં ઘણો મોટો વધારો થઈ શકે છે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ દ્વારા સુધારેલા બિયારણો વિસ્થાપવામાં આવ્યા છે અને તેને સારા પ્રમાણમાં પસાર થઈ રહ્યો છે પરંતુ સુધારેલા બિયારણની બાબતમાં જે પ્રગતિ થઈ છે તે મુખ્યત્વે રોકડીયા પાકો કપાસ તમાકુ શેરડી વગેરેની બાબતમાં થઈ રહી છે ગુજરાતમાં કપાસના વાવેતરમાં સુધારેલા બિયારણનો ઉપયોગ ગામેગામ પ્રસરેલો છે તે કદાચ તમે જાણતા હશો દેશમાં શેરડીના વાવેતરનો ⅘ ભાગ અને ક્ષણ નો લગભગ 1 / 2 ભાગ સુધારેલા બિયારણ હેઠળ આવી ગયો છે ઘઉંમાં પણ બિયારણનો સારો પ્રકાર વિકસાવવામાં આવ્યો છે અને તે અમલમાં આવ્યો છે પરંતુ બીજા બીજા અનાજની બાબતમાં ઝાઝી પ્રગતિ થઈ શકી નથી તેમાં તો વાવણી માટે પરંપરાથી ચાલતા આવેલા બિયારણનો ઉપયોગમાં લેવામાં આવે છે.

## પાકની ફેરબદલી

એક જ જમીન પર વારાફરતી એક જ જમીન પર વારાફરતી જુદા જુદા પાક ઉગાડવાને પાક ફેરબદલી કહે છે.

## છોડ સંરક્ષણ

પાકને નુકસાન કરતા જંતુઓ અને પાકના રોગો પાકને નુકસાન પહોંચાડે છે સુધારેલા બિયારણો અને ખાતરના ફાયદાઓ નિર્મૂળ છે વાહન વ્યવહારની સગવડો વધતા આ બધાનું પ્રમાણ વધ્યું છે એફ એ ઓની એ રાષ્ટ્રીય કોન્ફરન્સ 1947 એવા નિર્ણય પર આવી હતી કે ગરમ આબોહવા વાળા દેશમાં જ્યાં આબોહવા જીવજંતુની વૃદ્ધિ થવા માટે ઘણી અનુકૂળ છે  અનાજમાં પડતા જીવજંતુઓને લઈને લગભગ 10% જેટલો ભાગ બગડી જાય છે જ્યારે મોટા પાયે પણ અચાનક રોગચાળો ફાટે ત્યારે ઘણું નુકસાન થાય છે પાક સંરક્ષણ અંગે અજ્ઞાત છે તેથી પોતાના પાકના રક્ષણ માટે સહેલામાં સહેલો પ્રાથમિક ઉપાય પણ એ લઈ શકતો નથી આથી આ દિશામાં અલ્પવિકસિત દેશો એ વ્યવસ્થિત કાર્યક્રમનો અમલ કરવો જોઈએ.

## ભાવનીતી

કૃષિ વિકાસના કાર્યક્રમોની સફળતાનો આધાર બુદ્ધિયુક્ત ભાવનીતિ પર છે ખેતપેદાશોના ઉત્પાદન અને માંગ પર થતી વધઘટના પરિણામે તેના ભાવો તીવ્ર વધઘટ અનુભવે છે ભાવોની વધઘટ ખેડૂતોની આવક અને મૂડી રોકાણ કરવાની ક્ષતિને તીવ્ર આઘાત પહોંચાડે છે જ્યારે ખેતપેદાશના ભાવો અસ્થિર રહે છે ત્યાં સુધી ખેતીમાં સુધારો કરી વધુ પેદાશ કરવા માટે ખેડૂતને ઉત્સાહ થતો નથી હું વિકસિત દેશો ખેડૂતોની આવકને સ્થિર કરવા માટે ત્યાં ખેતી એ સંરક્ષણ પૂરું પાડવું છે અને વાવણી અગાઉના તળિયે અને ટોચના ભાવો જાહેર કરવામાં આવે છે આ ઉપરાંત બફર સ્ટોક દ્વારા ભાવોની વધઘટને હળવી કરવામાં આવી છે.

ISBN-978-81-973071-4-0
First Edition

**સંસ્થાકીય સુધારા**

કૃષિ વિકાસના કાર્યક્રમો માટે વધુ ખાતરો કે બિયારણો પૂરતા થવાના નથી યંત્ર વૈજ્ઞાનિક સુધારાઓને સંસ્થાકીય સુધારાઓ સાથે વિચાર થવો જોઈ કારણ કે જો ખેતીનું સંસ્થાન માળખું બદલાય નહીં તો કૃષિ વિકાસ માટે જે યંત્ર વૈજ્ઞાનિક કાર્યક્રમ અપનાવવામાં આવે છે તે સારા પરિણામો લાવી શકશે નહીં બધા જ અલ્પવિકસિત દેશો ખેતીનો સંસ્થાકીય માળખું સામંતશાહી યુગની વિશેષતા ધરાવે છે જમીન શાહુકાર સ્થાનિક વેપારી વગેરેની પકડ ગ્રામ સમાજ પર તીવ્ર હોય છે તેથી તેમાં સુધારાઓ લાવ્યા સિવાય ખેત વિકાસના કાર્યક્રમોને સફળતા વિશે મોટી આશા ન બંધાઈ શકાય.

**જમીન સુધારા**

લગભગ મોટાભાગના અર્થશાસ્ત્રીઓ તથા એફ એ ઓ કૃષિ સુધારણા માટે જમીન સુધારણાને ખાસ અગત્ય આપે છે ખેડૂતનું સ્થાન ગણોતનું હોય છે અને જમીનમાં પ્રાપ્ત થતી આવક મોટાભાગે બેઠાડું જમીનદાર અને શાહુકાર લઈ જતો હોય છે એ પરિસ્થિતિમાં કે સુધારણા માટે ગણોત અને ખેડૂત પાસે નહોતો સાધન છે નહોતો રોકાણ કરવાની ઈચ્છા છે તેથી આ પરિસ્થિતિને ઝડપથી અંત લાવીને ખેડૂત ગણોતની આર્થિક સ્થિતિ સુધારવા માટે જમીન સુધારણાનો કાર્યક્રમ અનિવાર્ય છે આ સુધારણા દ્વારા મધ્યસ્થી અને વચગાળાના વર્ગની નાબુદી કરવી જોઈએ ગણોતિયા અને ખેડ હકની સંપૂર્ણ સલામતી આપવી જોઈએ શક્ય હોય તો ખેડૂતને જમીન માલિકના હોકોનું પ્રદાન કરવું જોઈએ અતિ વિશાળ ખેતરો દ્વારા ધરાવતા અલ્પસંખ્ય જમીનદારોની જમીનની ટોચ ધારા હેઠળ મેળવી લઈ જમીન વિહોણા ખેત મજૂરો અને આપવી જોઈએ અને તેઓ કાર્યક્રમ રીતે ખેતી કરી શકે તેમ તેમને ખેતી માટે જરૂરી સાધન સહકારી મંડળીઓ દ્વારા સંસ્થા દ્વારા પૂરા પાડવા જોઈએ જમીનધારાઓનો અમલ કાર્યક્રમ રીતે થાય તે માટે તાલીમ પામેલું વહીવટ તંત્ર હોવું જોઈએ.

**ખેત ધિરાણ**

મૂડીની અછત એ ખેડૂતની મોટામાં મોટી મૂંઝવણ છે અલ્પવિકસિત દેશોમાં ખેતીનું સ્વરૂપને જોતા સ્પષ્ટ થઈ જાય છે કે જીવન નિર્વાહ માટે ખેતી થતી હોવાથી તેમાં અધીશેષ તત્વ ઓછું હોય છે વસ્તીનું જે તીવ્ર ભારણ ખેતી ઉપર છે તેથી જમીનનું ખંડ વિભાજન અને ઉપજ વિભાજન થવા પામ્યા છે, ખેડૂતને ઉત્પાદન તેમજ સામાજિક તથા ધાર્મિક પ્રસંગોએ દેવું કરવું પડતું હોય છે સાહુકારો કે જમીનદારોની પકડમાંથી ખેડૂતને છોડાવીને સહકારી સંસ્થા દ્વારા ધિરાણ પૂરું પાડવાનો પ્રશ્ન પણ બધા જ અલ્પવિકસિત દેશોમાં ઊંચી અગત્ય પામ્યો છે સામાન્ય રીતે એ હકીકતનો સ્વીકાર થયો છે કે સહકારી સંસ્થા કોનો વિકાસ દ્વારા જ ધિરાણ અને વેચાણનું પ્રશ્ન હોલ થવા જોઈએ અને આ દ્રષ્ટિથી અલ્પવિષિત દેશો આ દિશામાં સક્રિય પગલા લીધા છે ખેડૂતોને અગત અત્યંત નબળી આર્થિક સ્થિતિ જોતા સહકારી સંસ્થાઓ સ્વયં ઝડપથી વિકાસ સાંધી શકે એવા સંજોગો ઓછા છે તેથી સહકારી સંસ્થા અને રાજ્યની સક્રિય હોય સક્રિય

સહાય મળવી જોઈએ તથા દેશની મધ્યવર્તી બેંકો કૃષિ ધિરાણની સગવડ વિસ્તારવામાં ખાસ ભાગ ભજવવો જોઈએ એ દ્રષ્ટિ બિંદુ પણ વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થયો છે.

## વહીવટી સુધારણા

કૃષિ વિકાસના કૃષિ વિકાસના યંત્ર વૈજ્ઞાનિક અને સંસ્થાકીય સુધારણાનો અમલ કરવા માટે વિશિષ્ટ તાલીમ પામેલા કર્મચારીની જરૂર પડે છે આ માટે વિસ્તરણ સેવાઓની જરૂર પડે છે બિયારણ ખાતર વગેરેને વહેંચવા માટે ધિરાણની સગવડવો વિસ્તાર કરવા માટે વિવિધ સંસ્થાઓ  કરવી પડે છે જે ખેડૂતનું આવશ્યક સાધન સમય અને પૂરતા પ્રમાણમાં પહોંચાડે છે સહકારી સંસ્થાઓનું સંચાલન વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ પામેલા કર્મચારીઓની સહાયની અપેક્ષા રાખે છે આ માટે દરેક રાષ્ટ્રને પુરતી વ્યવસ્થા કરવી જોઈએ એ જ રીતે જમીન સુધારણાનો અમલ કરવા માટે ખાસ વહીવટી તંત્રની જરૂર બને છે.

### સમાપન

કૃષિ સુધારણાનો કાર્યક્રમ પ્રાથમિક દ્રષ્ટિએ સાદો અને સરળ લાગતો હોવા છતાં તે ઘણી ગૂંચવણ ભરી સમસ્યાઓ પેદા કરે છે ધિરાણ કે ખેતી માટેના સાધનો પૂરા પાડવાનો પ્રશ્ન ઉકેલવામાં આવે છે પરંતુ અન્ય ક્ષેત્રોમાં પ્રગતિ મંદ હોય તો કૃષિ વિકાસના કાર્યક્રમની પ્રગતિ ધીમી રહે છે ખેતીના વિકાસના કાર્યક્રમમાં સૌથી મૂંઝવણ ભર્યો સવાલ એ છે કે સંસ્થાકીય પરિસ્થિતિમાં દરેક દેશને ભિન્ન હોવાથી બધે એક સરખા ધોરણો કે કાર્યક્રમનો અમલ થઈ શકતો નથી દરેક દેશનું આર્થિક સામાજિક બંધારણ વિશિષ્ટ સ્વરૂપનું હોય છે સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લઈને જે તે કાર્યક્રમમાં અપનાવી શકાય એ દ્રષ્ટિએ જોઈએ તો ખેતી વિકાસના કાર્યક્રમોની સફળતા અને પ્રતિકૂળ સામાજિક આર્થિક રિવાજોને ધીમે ધીમે ઉનમુલન અને તેને સ્થાને વિકાસ પોષણ નવી પ્રણાલિકાઓ અને રિવાજો સ્થપાય એ માટે દરેક સમાજ એ પ્રયત્ન કરવો જોઈએ પરંતુ જ્યાં સુધી આ નિકાસ પોષક નવી સંસ્થાનું નિર્માણ ન થાય ત્યાં સુધી પ્રવર્તમાન સંસ્થા સાથે કામવાળી કૃષિ વિકાસના કાર્યક્રમ કેમ આગળ ધપાવા એ દરેક દેશે સમજપૂર્વક વિચારી અને તેની સફળતા માટે કામ કરવું જ પડે પ્રોફેસર શુલ્ટઝ એ દર્શાવે છે કે અમુક કાર્યક્રમ અમુક દેશોમાં સફળ થયો છે તથા બીજા દેશોમાં સફળ થશે એવું નથી કૃષિ સુધારણા વિશે ઘણું જ્ઞાન દુનિયામાં ફેલાયેલું છે છતાં ખેતી ઉત્પાદન વધારવા માટે અલ્પવિકસિત દેશોને ઘણી મર્યાદિત સફળતા મળી છે એ હકીકત છે.

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રકરણ ૪: કૃષિ વિકાસનું ભાવી

## પ્રસ્તાવના

કૃષિના સલામત વિકાસ અને પોષક ખાદ્ય પદાર્થો મેળવવા ઔદ્યોગિક કાચા સામાનનું જીવન નિર્વાહ ખૂબ જ મહત્વનું છે પરંતુ વાતાવરણ બદલાવો કુદરતી શોધવાનો ધોવાણ ઊર્જાને તંગી જૈવિક વૈવિધ્યતાનું ધોવાણ વધતી જતી બીમારીઓ તથા રોગ જીવાતોનું પ્રમાણ અને વૈશ્વિક બજારમાં વધતી જતી હરિફાઈ કૃષિક્ષેત્રે એક મુખ્ય ચર્ચા નું વિષય બનેલો છે કુદરતી સ્ત્રોતો વ્યવસ્થિત પરિસ્થિતિમાં આવતી પેઢીઓ હસ્તક થાય તે માટે વાતાવરણ પાણી જમીન જૈવિકતા તથા ઉર્જા શોધો તો સાચવવા ઘણા આવશ્યક છે સઘન ખેતીના લીધે કૃષિ રસાયણોના જમીન પાણી તથા ખાદ્ય પદાર્થો રહી જતા અવશેષો માનવની તંદુરસ્તી તથા પર્યાવરણ હિતાર્થને મોટો પડકાર ઉભો કરેલ છે આ બધા જ પડકારો આવરી લેતા હાલ વૈશ્વિક સ્તરે સજીવ ખેતીની મોટી તકો ઊભી થયેલ છે.

ઘણા સમયથી વધતી જતી વસ્તીની જરૂરિયાત પૂરી કરવા માટે ખેડૂત મિત્રો દ્વારા વધુ ઉત્પાદન મેળવવાની રાહમાં જમીન તથા પર્યાવરણને થતી આડઅસરને ધ્યાનમાં લીધા વગર આડેધડ કૃષિ રસાયણ જેવા કે રાસાયણિક ખાતરો જંતુનાશકો ફૂગ નાશકો તથા નિંદામણ નાશકોનો વધુ પૂરતો ઉપયોગ કરે છે પણ રસાયણો વધુ પડતા ઉપયોગથી જમીનમાં રહેલા ઉપયોગી સુક્ષ્મ જીવાણુનો નાશ તેમ જ વધુ પડતા ખાતરોના મિશ્રણ અને લભ્ય પોષક તત્વો અલભ્ય સ્વરૂપમાં ફેરવાય જવાથી જમીનની ફળદ્રુપતા તથા ઉત્પાદનની ક્ષમતા ઘટે છે વધુ પડતી રાસાયણિક દવાના ઉપયોગના કારણે રોગ જીવાતની પ્રતિકારક ક્ષમતા પણ વધી છે આ ઉપરાંત આ જમીનોમાં તૈયાર થતા ઉત્પાદનોના ઉપયોગ થકી મનુષ્ય પક્ષી તથા પ્રાણીઓના સ્વાસ્થ્ય પર ખૂબ જ વિપરીત અસર જોવા મળે છે આમ જમીન પ્રાણી તથા મનુષ્યને થતી આડઅસરને રોકવા માટે રાસાયણિક વિહીન સજીવ ખેતી એક જ યોગ્ય રસ્તો છે જેના થકી આપણે જમીન ફળદ્રુપતા તથા ઉત્પાદક ક્ષમતામાં વધારો કરી સારું ઉત્પાદન મેળવી શકીએ છીએ ગુજરાતમાં મોટાભાગે કૃષિ પશુપાલન આધારિત છે જે આપણા રાજ્યમાં સજીવ ખેતી વિકસાવવા માટે ખૂબ અગત્યનું પાસું છે પાક તથા પાલતુ પ્રાણીના અવશેષોની પુનરાવર્તિત કરી જમીનમાં ભેળવવાથી જમીનની ફળદ્રુપતા તથા ઉત્પાદકતા વધારી શકાય આમ ગુજરાત રાજ્યમાં સજીવ ખેતી ની વિપુલ સંભાવનાઓ રહેલી છે.

### સજીવ ખેતી પદ્ધતિ એટલે શું

સજીવ ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) એ એક દેશી ખેતીનો સુધારેલો પ્રકાર છે કુદરતે ભેટ આપેલ પ્રકૃતિ અને પર્યાવરણને સમતુલિત કરી રાસાયણિક ખાતર તથા સિન્થેટિક જંતુનાશકો અને જિનેટિકલ એન્જિનિયર્ડ બિયારણનો ઉપયોગ વગર ખેતરોમાં છાણીયું ખાતર કંપોસ ખાતર જૈવિક ખાતર પાકના અવશેષો કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરી પાકની ફેર બદલી કરી એકબીજા આધારિત સજીવનો ઉપયોગ કરી નિંદામણ પાક રોકો અને પાક નુકસાનકારક જીવાતોને નિયંત્રિત કરવામાં આવે છે સજીવ ખેતી

ISBN-978-81-973071-4-0
First Edition

પદ્ધતિથી ટકાઉ પાક ઉત્પાદકતા મળી રહે છે સજીવ ખેતીથી જમીનની ઉત્પાદકતા માં પણ વધારો થઈ થાય છે અને તેમાંથી સલામત અને પોષણક્ષમ સ્વાદિષ્ટ ખોરાક મળી રહે છે જેનાથી પ્રાણી કલ્યાણ અને પર્યાવરણની જાળવણી થાય છે.

## સજીવ ખેતીના મુખ્ય લક્ષ્યો

### સામાજિક લક્ષ્ય

- સામાજિક અને આર્થિક સ્વાવલંબન
- ઓછા રોકાણ થકી ગુણવત્તા યુક્ત ઉત્પાદનથી ખાદ્ય તથા પોષકતા
- ટકાઉ અને સલામત ખેતી
- પ્રાકૃતિક સંસાધનોની સર્વોત્તમ જાળવણી
- ક્ષેત્રીય સંસાધનોનું કાર્યક્ષમ ઉપયોગ

### આર્થિક લક્ષ્ય

- ગુણવત્તા યુક્ત ટકાઉ ઉત્પાદન
- મૂલ્ય વર્ધક ઉત્પાદન થકી ભરોસાપાત્ર બજાર મારફત વધુ આવક
- ઓછું ઉત્પાદન ખર્ચ
- ખનીજ ઇંધણ તથા અન્ય મોંઘા સંસાધનોનો બચાવ

### પર્યાવરણીય લક્ષ્ય

- પર્યાવરણની સમતુલા
- રાસાયણિક પ્રદૂષણથી મુક્ત
- જમીનની ઊંચી ફળદ્રુપતા
- જૈવિક વૈવિધ્ય ની જાળવણી
- જળ જમીન તથા પર્યાવરણ અનુકૂળ પ્રક્રિયા

## સજીવ ખેતી પદ્ધતિ:એક સંકલિત અભિગમ

આપણા પૂર્વજો દ્વારા પહેલા સજીવ ખેતી કરવામાં આવી હતી ધીરે-ધીરે રસાયણો વપરાશ ચાલુ થવાથી સજીવ ખેતી ધીરે ધીરે લુપ્ત થવાને આરે આવીને ઊભી છે પરંતુ સભાન લોકોની ઉદ્ધત્વ ભાવના દીર્ઘદ્રષ્ટિ અને સતત પ્રયત્નોથી ધરતી માતા અને માનવ વચ્ચે કુદરતી સંબંધો પુનઃસ્થાપિત કરી સજીવ ખેતીને નવી સર્ટી પ્રાણ પુરવાના પ્રયત્નો થઈ રહ્યા છે સજીવ ખેતી માટે આજે મુખ્ય બે પડકારો છે.

1. સજીવ ખેતી માટેની નીતિઓ અને ધારા ધોરણ નક્કી કરવા અને
2. સજીવ ખેતીની ઉપજ પેદાશના વેચાણ માટે બજાર ઊભો કરવું

છેલ્લા બે દસકથી પર્યાવરણની જાળવણી અને અન્ન ખોરાકની ગુણવત્તાની ખાતરી માટે વૈશ્વિક સમુદાય સંવેદનશીલ અને સભાન બન્યો છે સજીવ ખેતી હવે વ્યાપક સ્વીકૃતિ મળવા લાગી છે અને તે દ્વારા વાણિજ્ય સામાજિક અને પર્યાવરણ પ્રત્યે વચન બદ્ધતા ઊભી થઈ રહી છે સજીવ ખેતી માટે ચિંતાનો વિષય પર્યાવરણની જાળવણી અને જમીનની ઉત્પાદકતા લાંબા ગાળા સુધી ટકાવી રાખવી તે છે.

આ માટે આપણે પ્રકૃતિનું શોષણ કરવાની જગ્યાએ તેનું દોહન અને જતન કરનારી નૈસર્ગિક મૂલ્યો આધારિત કૃષિનો વિકાસ કરવાની જરૂરિયાત છે જેને આપણે સેન્દ્રીય ખેતી સજીવ ખેતી ટકાઉ ખેતી જીવંત ખેતી વગેરે જુદા જુદા નામોથી ઓળખીએ છીએ સજીવ ખેતી એટલે રાસાયણિક ખાતરો જંતુનાશકો અને બીજા રાસાયણિક વપરાશ કર્યા સિવાય સેન્દ્રીય ખાતરો મિશ્ર પદ્ધતિ પાકની ફેરબદલી, લીલો પડવાશ કરી અને જમીનની ફળદ્રુપતા જાળવી કુદરતી જીવાત અને રોગ નિયંત્રણ તથા કીટકોનું રક્ષણ કરવું તથા રસાયણોના વપરાશ વગર નીંદર નિયંત્રણ કરી ઉત્પાદન મેળવવાની પદ્ધતિ છે જેમાં વધુ ઉત્પાદન એ લક્ષણ નથી પરંતુ રસાયણોના અવશેષ વગરનું ગુણવત્તા યુક્ત ઉત્પાદન થાય તેને મહત્વ આપવામાં આવે છે.

## હરિયાળી ક્રાંતિ યુગ

દેશની આઝાદી પછી 1950 થી 1960 ના દર્શકમાં ખેતી માટે ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવાનો સમય હતો દેશની વસ્તી સામે ખેત ઉત્પાદનમાં ઘટાડાના પરિણામે દેશમાં અનાજની ગંભીર સમસ્યા ઊભી થઈ આ અનાજની તંગીને પહોંચી વળવા વિદેશમાંથી અનાજની આયાત કરવામાં આવી આ અનાજની સાથે દેશની અનાજની જરૂરિયાતને પહોંચી વળવા માટે રાસાયણિક ખેતી શરૂ થઈ રાસાયણિક ખાતર કીટનાશક હેબ્રિક બિયારણનો ઉપયોગ થવા લાગ્યો અને ભારત સરકારે 19667 માં હરિયાળી ક્રાંતિ જાહેર કરી પરિણામ સ્વરૂપ દેશમાં જોર સુરતી વિદેશી ખેતી પદ્ધતિથી ખેતી થવા લાગી સરકાર મારફત સિંચાઈ માટે મોટાબંધો અને કેનાલનું નિર્માણ થવા લાગ્યું રાસાયણિક ખાતરો અને કીટનાશકો બનાવવા ઉદ્યોગની સ્થાપના થવા લાગી.

## હરીયાળી ક્રાંતિની ખેત પદ્ધતિ

- વધુ ઉત્પાદન આપતા હેબ્રિડ બિયારણ
- રાસાયણિક ખાતરનો ઉપયોગ
- રોગ જીવાત અને નિંદામણ નિયંત્રણ માટે રાસાયણિક દવાનો ઉપયોગ
- એક પાક પદ્ધતિ આધારિત ખેતી પદ્ધતિ
- ખેતીમાં યાંત્રિકરણ

હરિયાળી ક્રાંતિ થી થોડા જ સમયમાં ઉત્પાદનમાં મોટો વધારો મળવા લાગ્યો રાસાયણિક ખાતર અને કીટનાશકના ઉપયોગ વધવા ખાસ અભિયાન ચલાવવામાં આવ્યું એકમ વિસ્તારમાં જરૂરિયાત કરતા રાસાયણિક પદાર્થોનો અનેક ગણો ઉપયોગ થવા લાગ્યો.

ISBN-978-81-973071-4-0
First Edition

**કૃત્રિમ ખેતીના આર્થિક સામાજિક દ્રષ્ટ પરિણામ**

- જૂની પુરાણી ખેત પદ્ધતિ તથા સ્થાનિક સાધનો તરફ દુર્લક્ષ
- પર્યાવરણમાં અસંતુલન
- ખેત ઉત્પાદન વગાડમાં વધારો
- ખેતી માટે ના દેવામાં ઝડપી વધારો
- પ્રતિ હેક્ટર ઉત્પાદનમાં ઘટાડો
- વિવિધ ઉપયોગી સજીવોને નુકસાન
- મોંઘી ખેતી એટલે ખોટની ખેતી
- બિયારણ ખાતર પશુ નાણા વીજળી અને સિંચાઈ માટે ખેડૂત બીજા પર આધારિત
- સમાજ વ્યવસ્થામાં ખેડૂતનું ઉતરતું જતું સ્થાન

**રસાયણ અને માનવ સ્વાસ્થ્ય**

- હવા પાણી અને પ્રદૂષણમાં વધારો
- ખેત ઉત્પાદન દૂધ માસ વગેરે ખાદ્ય પદાર્થોમાં રસાયણોની માત્રામાં વધારો
- અન્ન ઉત્પાદન ચક્રથી માનવ શરીરમાં નુકસાનકારક રસાયણોનો પ્રવેશના પરિણામે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો
- અસાધ્ય બીમારીઓનું વધતું જ હતું પ્રમાણ
- માનવ આરોગ્ય પર અનિષ્ટ અસર

**રસાયણ અને પર્યાવરણ**

- રસાયણથી પર્યાવરણમાં મોટી માત્રામાં પ્રદૂષણ
- જૈવિક વિવિધતામાં નુકસાન
- બિન ફળદ્રુપ તે જમીન
- સહજીવન ચક્ર તુટવુ
- ઝાડ છોડ અને વનસ્પતિના નુકસાન થી પૃથ્વી પરના વાનસ્પતિક આવરણમાં ઘટાડો
- ગ્લોબલ વોર્મિંગ અને હવામાં બદલાવ જેવી ગંભીર સમસ્યા
- પશુ પક્ષી અને જીવજંતુ ની કેટલી પ્રજાતિઓને ખતરો દાખલા તરીકે ગીત સમડી વગેરે

**રાસાયણિક ખાતરના બોધપાઠ**

- ખેત ઉત્પાદનમાં અસંતુલન
- છેત ઉત્પાદનની ગુણવત્તામાં ઘટાડો
- કીટનાશકોનો અવિવેકી ઉપયોગ

ISBN-978-81-973071-4-0
First Edition

- સ્થાનિક પ્રજાતિઓનો નાશ
- કુત્રિમ વસ્તુ પર વધતી જતી નિર્ભરતા
- જમીનની ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો
- અવ્યવહારું જળ વિતરણ વ્યવસ્થા
- પ્રદૂષણમાં વધારો
- આર્થિક સામાજિક અસંતુલન

**સજીવ ખેતીના મૂળભૂત સિદ્ધાંતો**

1. પાકના અવશેષોનું વ્યવસ્થાપન/ પુનઃસ્થાપન
2. કુદરતી સ્રોતોનો (જમીન, ઉર્જા, પાણી,હવા વગેરે)યોગ્યતમ ઉપયોગ
3. યોગ્ય પાક પદ્ધતિ અને પાક ફેર બદલી
4. ખેતી કામોમાં જ્ઞાનનો વ્યવહાર ઉપયોગ
5. પરંપરાગત જ્ઞાનનો વ્યવહાર ઉપયોગ
6. બજારનો અલ્પ હસ્તક્ષેપ

**સજીવ ખેતીના ફાયદાઓ**

1. સજીવ ખેતી જમીનની ભૌતિક રાસાયણિક અને જૈવિક સ્થિતિ સુધારે છે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદનમાં ઉતરોત્તર વધારો થાય છે.
2. સજીવ ખેતી જમીનમાં ભેજ જાળવવામાં મદદરૂપ બને છે તેમાં ખેડ સારી રીતે થઈ શકે છે આવી જમીનને પાણીને ભૂતળમાં ઉતાર સારો થાય છે આમ જમીન પર થી વહી જતા પાણીને અટકાવી તે જમીનનું ધોવાણ થતું અટકે છે.
3. સજીવ ખેતી પાકને અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડે છે તેથી રોગ જીવાત સામે પ્રતિકારક શક્તિ વિકસે છે.
4. ખેતીનો બિનજરૂરી કચરો તથા ખેતીની ગૌણ પેદાશનો યોગ્યતમ ઉપયોગ થઈ શકે છે.
5. સજીવ ખેતી માટે ખાસ કોઈ વધારાનો ખર્ચ કરવો પડતો નથી
6. ખેતસામગ્રીની જરૂરિયાત ઘટાડી સ્વ નિર્ભર બની શકાય છે.
7. સજીવ ખેતી દ્વારા જમીનના અસંખ્ય ઉપયોગી સજીવોને ખોરાક પૂરો પાડી તેની વસ્તીમાં વધારો કરી શકાય છે.
8. સજીવ ખેતી દ્વારા ક્ષારીય જમીનનું બંધારણ સુધારી શકાય છે.
9. જે તે વિસ્તારની જૈવ વિવિધતાની જાળવણી કરવામાં મદદરૂપ થાય છે.

10. સજીવ ખેતી દ્વારા ઉત્પાદિત થતો માલ ઝેરી રસાયણોથી મુક્ત હોય તેની ગુણવત્તા ઊંચી હોય છે વિદેશોમાં તેની માંગ પણ વધે છે તેને સહેલાઈથી નિકાસ કરી શકાય છે અને સારુ બજાર ભાવ મેળવી શકાય છે.

## સજીવ ખેતીની મર્યાદાઓ

સજીવ ખેતીની વિકાસ અને વૃદ્ધિની શક્યતાઓ ઉજવી છે દરેક ખેડૂત પોતાના સંસાધનો આર્થિક સ્થિતિ ધ્યેય અનુસાર અમુક પસંદગીના પાકો અને પદ્ધતિઓમાં સજીવ ખેતી અપનાવે છે તો ચોક્કસ ફાયદો થાય છે જેમ કે શાકભાજી ફળફળાદી મરી મસાલાના પાકો અને ઔષધીય પાકો તો સજીવ ખેતી સફળ જ છે છતાં ખેડૂતો અપનાવતા અચકાતા છે જેના કારણો નીચે મુજબ છે.

- સજીવ ખેતી જ્ઞાન અને માહિતીનો અભાવ છે.
- સજીવ ખેતી માટે સંશોધન ખૂબ ઓછું થયેલ છે.
- વૈજ્ઞાનિક રીતે ચકાસેલી પદ્ધતિ વિકસાવેલ નથી.
- સજીવ ખેતી અને રાસાયણિક ખેતીનું તુલનાત્મક અર્થ કારણ ચકાસવામાં આવતું નથી.
- સજીવ ખેતી પેદાશોનું લેબલિંગ(નામકરણ) કંટાળાજનક અને ખર્ચાળ છે
- ખેડૂતો આ પ્રક્રિયાથી સદંતર અજાણ છે
- સજીવ ખેત પેદાશોના વેચાણ માટે સ્વતંત્ર બજાર નથી.
- સામાન્ય માણસો સજીવ ખેત પેદાશ અને જિલ્લા ચાલુ ખેતપેદાશોમાં તફાવત સમજતા નથી જેથી ઊંચા ભાવ ચૂકવતા નથી.
- મોટા ખેડૂતો માટે મોટી જમીનમાં જોઈતા સેન્દ્રીય ખાતરો ના જથ્થાનું અભાવ.
- શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે તેથી આવક પણ ઘટે છે ખાસ કરીને ધન્ય પાકોમાં આવી ઘટ્ટ વધારે છે.
- સેન્દ્રીય ઉત્પાદનના પ્રમાણ અંગેની માહિતીનો અભાવ છે.

# પ્રકરણ ૯: કૃષિ અને ડિજીટલાઈઝેશન

## પ્રસ્તાવના

ડિજિટલ લાઇસનનું મહત્વ અને તેની ઉપયોગીતા ખૂબ જ સારી રીતે સમજે છે ડિજિટલાઈઝેશન આજની શરૂઆત અને ભવિષ્યની આવશ્યકતા છે એટલા માટે વર્ષ 2014માં દેશનું નેતૃત્વ સાંભળતાની સાથે જ તેમને પાયાના સ્થળની તમામ સરકારી યોજના ઓ ડિજિટલાઈઝેશનનું મહત્વ આપ્યું છે બદલાતા સમય સાથે ભારત ટેકનોલોજી અને ડિજિટલ લાયજેશન દ્વારા કૃષિક્ષેત્રના પડકારનો સામનો કરવા માટે તૈયાર થઈ રહ્યું છે અને ભારતીય યુવાનો આ ક્ષેત્રમાં મોટું પ્રદાન આપી રહ્યા છે પાક સર્વેક્ષણ જમીનના રેકોર્ડ કૃષિ વિષયક યોજનાના લાભો હવામાનને લગતી માહિતી કૃષિ પેદાશોના ઓનલાઈન ટ્રેડિંગ પશુપાલન તેમજ ડ્રોન દ્વારા જંતુનાશક અને પોષક તત્વો જેવા કામોમાં ટેકનોલોજી અને ડિજિટલ નો ઉપયોગ વધી રહ્યો છે આમ આધુનિક ટેકનોલોજી સાથે ભારતની કૃષિ નવી દિશામાં હરણફાળ ભરી રહેલ છે ભારત જેવા કૃષિ પ્રધાન દેશમાં કૃષિ વિકાસની અપાર સંભાવનાને ધ્યાનમાં રાખીને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષિ અને કૃષિ ટેકનોલોજીને આધુનિક બનાવવા માટે સંકલ્પ છે અને ભારત ઉચ્ચ કૃષિ વિકાસની સાથે સાથે સમાવિષ્ટ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કૃષિ ક્ષેત્રમાં વસ્તીના એક મોટા હિસ્સો ગરીબી રેખા ઉપર લાવવાની અને તેમને સારી જીવનશૈલી આપવાની ક્ષમતા છે.

## 1) સ્વામીત્વ યોજના જમીનનો માલિકી અધિકાર મળ્યો

કેન્દ્ર સરકારના પંચાયતી મંત્રાલય તરફથી શરૂ કરાયેલી આ એક ખાસ યોજનાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પંચાયત દિવસે 24 એપ્રિલ 2020ના રોજ જાહેર કરી હતી પામીત યોજના Survey of Village and Mapping with Improvised Technology in Village Area (SVAMITVA) હેઠળ ગામડાઓની જમીનની માપણી ડ્રોનથી થાય છે યોજનાને ડિજિટલ કરવા વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કરવામાં ભારતનો એક ડગલું આગળ લઈ જાય છે આ યોજના દ્વારા ગ્રામીણ લોકોને આખરે હક માલિકી મેળવી શકે છે અને તેમની જરૂરિયાત અનુસાર તેમની મિલકતનો ઉપયોગ કરી શકે છે ડ્રોનથી ગામડાની જમીન ડિજિટલ રેકોર્ડ બનવાની સાથે સાથે ખેડૂતોને જમીનની માલિકી કાર્ડ આપવામાં આવે છે એક મેં 2022 સુધી આશરે 135 લાખ ગામોને ડ્રોન સર્વે પૂર્ણ થઈ ગયેલ છે અને 3100 ગામ 36 લાખ થી વધુ પ્રોપર્ટી ડ્રોનનું વિતરણ કરી દીધેલ છે આ યોજના 2025 સુધી સમગ્ર દેશના જમીનધારકોને આવરી લેવામાં આવશે.

## સ્વામીત્વ યોજનાના લાભો

- જમીનના ડિજિટલ ડિજિટલ લાઈઝેશન રેકોર્ડથી સંપત્તિ સંબંધિત વિવાદોમાં ઘટાડો અને નાણાકીય તરલતાને પ્રોત્સાહન

- ગ્રામીણ વિસ્તારોમાં પ્રોપર્ટી રાઈટ્સ સ્પષ્ટતાથી યોજનાકીય લાભ તથા સુવ્યવસ્થિત મહેસુલ સંગ્રહ
- દેશભરમાં લગભગ 300 જેટલા Continuously Operating Reference Station (CORS)ની સ્થાપના
- સારી સુવિધાઓ સાથે ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓનું નિર્માણ
- પ્રોપર્ટીના માલિકને સરળતાથી મળતો તેનો માલિકી હક
- પ્રોપર્ટી કાર્ડનો લોન લેવામાં ઉપયોગ
- પંચાયતી સ્તરે ટેક્સ વ્યવસ્થામાં સુધાર

**2) Any RoR ગુજરાત**

ગુજરાતના મહેસુલ વિભાગ દ્વારા લોન્ચ કરવામાં આવેલ anyror.gujarat.gov.in ગુજરાતમાં જમીનના રેકોર્ડ ઓનલાઇન તપાસવા માટેની અધિકૃત વેબસાઈટ છે જેના પર લેન્ડ રેકર્ડસ જેવા કે 7/12 અને 8(અ) ઓનલાઇન તપાસી શકાય છે એના પરથી જમીન રેકોર્ડ પ્રમાણપત્ર (જંત્રી) પણ મેળવી શકાય છે.

**Any RoR ગુજરાતનો હેતુ**

- જમીન માલિકી તેમજ ગ્રાહકને અનુકૂળ અને પારદર્શક વહીવટ પ્રદાન કરે છે.
- નાગરિકોની બદલાતી જરૂરિયાત પૂરી કરવા માટે નીતિઓ અપડેટ કરે છે.
- કાર્યક્ષમ જમીન વહીવટ દ્વારા સંસાધનોને વધારવાના માર્ગો અને માધ્યમો જાણી શકાય છે.

**Any RoR ગુજરાતના લાભો**

- જમીનના માલિકી હક્કોનુ રક્ષણ કરે છે.
- બેંક લોન સરળતાથી મંજૂર થવામા ઉપયોગી થાય છે.
- જમીનના વિવાદો અને મુકદ્દમાઓમા, Any RoR ગુજરાત જમીનના માલિકી રેકોર્ડ નક્કી કરવા માટે એક મહત્વપૂર્ણ દસ્તાવેજ તરીકે કાર્ય કરે છે.
- જમીન ખરીદ વેચાણ વખતે એક મહત્વપૂર્ણ દસ્તાવેજ તરીકે ઉપયોગી થાય છે અને ખરીદનારને જમીનની વિગતો ચકાસવામાં મદદરૂપ થાય છે.
- જમીનના રેકોર્ડ સંસ્થા દરે ઓનલાઈન મેળવી શકાય છે.
- Any RoR ગુજરાત ટોટલ જમીનના રેકોર્ડને ઓનલાઇન જાળવવા અને અપડેટ કરવા માટે સરકાર દ્વારા માન્ય પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

### 3) મેઘદૂત એપ

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સંયુક્તથી શરૂ કરવામાં આવેલ મેઘદૂત એપ પર ખેતીને ધ્યાનમાં રાખીને હવામાન આધારિત ખેડૂતો માટે જાહેરાત કરવામાં આવી છે રાજ્યો અને જિલ્લાઓમાં સ્થિત હવામાન કચેરીઓમાંથી પ્રાપ્ત ડેટા આ એપમાં આપવામાં આવે છે.

- આ એપનો ઉદ્દેશ્ય સ્થાનિક ભાષાઓની સ્થળ પાક અને પશુધન સહિત હવામાન આધારિત કુદરતી સલાહ સમયસર આપી ખેડૂતોને મદદ કરવા માટેનો છે.
- આ એપ પર અઠવાડિયામાં બે વાર (મંગળ અને શુક્રવાર) માહિતી અપડેટ કરવામાં આવે છે.
- આ એપ દ્વારા મળેલી માહિતી ખેડૂતો whatsapp અને facebook દ્વારા અન્ય ખેડૂતને પણ મોકલી શકે છે.
- આ એપ શરૂઆતમાં દેશના 150 જિલ્લાઓમાં સેવા આપતી હતી જેને દેશના બાકી વિસ્તારો માટે પણ વિસ્તૃત કરવામાં આવેલ છે.
- આપણા દેશમાં હવામાન વિશે સમયસર આગાહી ખેડૂતોને કૃષિ વિશે આયોજનમાં મદદ કરી નફાકારકતા વધારવામાં સહાય બને છે.

### 4) કિસાન સારથી

ખેડૂતોને તેમની ઇચ્છિત ભાષામાં યોગ્ય સમયે યોગ્ય માહિતી મળી રહે તે માટે શ્રી નરેન્દ્રસિંહ તોમર કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી અને શ્રી અશ્વિની વૈષ્ણવ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રદ્યોગિક મંત્રી શ્રી એ સંયુક્ત રીતે કિસાન સારથી નામનુ ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે.

- જેના દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક માહિતી આપવામાં આવે છે.
- આ પ્લેટફોર્મ દ્વારા લગભગ 1.25 લાખ ગામોમાં 41 લાખથી વધારે ખેડૂતો દેશના 740 જેટલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો સાથે ડિજિટલ માધ્યમથી જોડાઈને કૃષિ વિશે એક માહિતીને પોતાની ભાષામાં મેળવી રહ્યા છે અને તેમની ખેતીની પેદાશોનું યોગ્ય રીતે વેચાણ કરી રહ્યા છે.
- જેના દ્વારા ખેડૂતોને કૃષિ વિશે માહિતી આપવામાં આવી છે.
- આ ડિજિટલ પ્લેટફોર્મ દેશના અંતરિયાળ વિસ્તારમાં રહેલા નાનામાં નાના ખેડૂતોને પણ કૃષિ વૈજ્ઞાનિકો સાથે સીધા સંવાદ દ્વારા કૃષિ વિશે એક માહિતી પહોંચાડી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી ખેત ઉપર જ વધારવાની ઉત્તમ તક આપે છે.

### 5) ડિજીટલ ઇન્ડિયા કેમ્પેઈન

ગુજરાત રાજ્યના ખેતીવાડી વિભાગ દ્વારા ડિજિટલ ઇન્ડિયા જુબેશ હેઠળ આઇ ખેડૂત પોર્ટલ અને સેટેલાઈટ ઇમેજ આધારિત પ્રોજેક્ટ સામેલ કરવામાં આવેલ છે.

ISBN-978-81-973071-4-0
First Edition

### આઈ - ખેડૂત પોર્ટલ

### પોર્ટલનો હેતુ

- કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજી દ્વારા ઇ-ગવર્નન્સને મજબૂત કરવું.
- એ ગ્રામની માળખાગત સવલતોનો ઉપયોગ લઈને ખેડૂતોને ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓનું જ્ઞાન આપવું
- કૃષિ વિષયક કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ દ્વારા ખેત ઉત્પાદકતા સાથે ખેત પેદાશમાં વધારો કરી ખેડૂતોની આપક વધારવી.

### ઓનલાઇન આઈ - ખેડૂત પોર્ટલની મુખ્ય સેવાઓ

- કેન્દ્ર /રાજ્ય સરકારની યોજના માટે અરજી
- યોજનાકીય લાભ માટે અરજી
- અધ્યતન કૃષિ અને સંલગ્ન વિષયક તાંત્રિક માહિતી
- કૃષિ પેદાશના વિવિધ બજારના ભાવ
- હવામાનની માહિતી
- ખેતીમાં મૂંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ

### ઓનલાઇન આઈ - ખેડૂત પોર્ટલના ખેડૂતોને ફાયદા

આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતો સરકારશ્રીની વિવિધ કૃષિ વિષયક કલ્યાણકારી યોજનાઓની માહિતી મેળવી, એમની જરૂરીયાત અને યોગ્યતા પ્રમાણે પારદર્શક રીતે યોજનાઓનો લાભ મેળવી, પોતાની ખેતી આવક વધારી રહ્યા છે.

**6) સેટેલાઈટ ઈમેજ આધારિત પ્રોજેક્ટ**

### પ્રોજેક્ટોનો હેતુ

- સેટેલાઈટ ઈમેજીસ અને તેના પ્રોસેસિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ અને મશીન લર્નિંગ ટેકનોલોજી જેવી નેક્સ્ટ જનરેશન ટેકનોલોજીનો ખેતીમાં ઉપયોગ
- પાકની વાવેતર વિસ્તારની માહિતી તેમજ જુદી-જુદી અવસ્થાઓ દરમિયાન પાકની પરિસ્થિતિ તથા પાક અવસ્થા દરમિયાન આવતી કુદરતી આપત્તિઓ જેવી કે પાણીનો ભરાવો, પાણીની અછતમાં પાકની પરિસ્થિતિ અને વાવણી ન થવી જેવી બાબતોની માહિતી મેળવવી

### પ્રોજેક્ટ દ્વારા મળતા અહેવાલો

1. ગ્રામવાર પાકનું વાવેતર વિસ્તાર અહેવાલ
2. પાક હેલ્થ રિપોર્ટ

- આ પ્રોજેક્ટ અંતર્ગત મળતા ક્રોપ હેલ્થ અને વિવિધ અહેવાલનો પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના અમલીકરણમાં પ્રોક્ષી ઈન્ડિકેટર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.
- કૃષિ વિસ્તરણ માટે ખેડૂત એડવાઈઝરી માર્ગદર્શન માટે તથા પ્રતિકૂળ સંજોગોમાં વિવિધ પ્રકારના સર્વે દ્વારા નુકસાનીના આંકલન માટે આ પ્રોજેક્ટ ઉપયોગી થાય છે.

**6) ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર**

**અપના અધિકાર, અપને દ્વાર**

**ખાતરો ડીબીટીની સ્થિતિ**

ભારત સરકારે ફર્ટિલાઇઝરમાં ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર સિસ્ટમ ઓક્ટોબર 2016 થી દાખલ કરી ડીબીટી સિસ્ટમ હેઠળ છૂટક વિક્રેતા દ્વારા લાભાર્થીઓને કરવામાં આવેલા વાસ્તવિક વેચાણના આધારે જ ખાતર કંપનીઓને વિવિધ ખાતર ગ્રેડ પર સબસીડી આપવામાં આવે છે ખેડૂતોને તમામ સબસીડી વાળા ખાતરોનું વેચાણ દરેક રેતાઓની દુકાન પર સ્થાય પોઇન્ટ ઓફ સેલ મશીન દ્વારા આધાર કાર્ડથી જ કરવામાં આવે છે. ડીબીટીના અમલીકરણની દેખરેખ રાખવા ખાતર વિભાગે એક પ્રોજેક્ટ મોનિટિંગ સેલ અને રાજ્યવાર સંયોજકોની નિમણૂક કરવામાં આવી છે ખાતર યોજના ડીબીટીના અમલીકરણ માટે દરેક છૂટક રેતાને પીઓસી ઉપકરણ ચલાવવા માટેની તાલીમ આપવામાં આવે છે.

**વિવિધ હિતધારકો માટે DBT ડેશબોર્ડ**

- કિસાન કોર્નર - ખેડૂતો માટે
- DOF/મૂવમેન્ટ ડિવિઝન કેન્દ્ર સરકાર માટે
- રાજ્યના કૃષિ વિભાગો રાજ્ય સરકાર માટે
- જિલ્લા કલેકટર /જિલ્લા ખેતીવાડી અધિકારી
- ખાતર કંપનીઓ
- રાજ્યના માર્કેટિંગ ફેડરેશન ( ઉદાહરણ તરીકે ગુજકોમા સોલ એગ્રો વગેરે)

આ ડાઈસ્ક વિવિધ અહેવાલો પ્રદાન કરે છે જેમ કે ,

1. બંદર ઉપર રાજ્યમાં અને જિલ્લા સ્તરે ઉપલબ્ધક ખાતરનો જથ્થો
2. સીઝન માટે પ્રમાણસર જરૂરિયાત અને વિવિધ સ્તરો પર જથ્થાની ઉપલબ્ધતા
3. જિલ્લા વાર ટોચના 20 ખરીદદારોની સૂચિ
4. વારંવાર ખાતર ખરીદનારાઓની સૂચિ

ISBN-978-81-973071-4-0
First Edition

### ખરીદદારોને SMS દ્વારા જાણ

ડિપાર્ટમેન્ટ ઓફ ફર્ટિલાઈઝેશન એ ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર પ્રોજેક્ટમાં ખેડૂતોને ખાતરના વેચાણ માટે ટૂંકી સંદેશ સેવાઓ (SMS) લાગુ કરી શકે છે દરેક ખરીદી વખતે ખરીદનાર તેના મોબાઈલ પર એસએમએસ દ્વારા રસીદ મળે છે.

- SMSમાં ઇન મોન્સ નંબર રિલેટેડનું નામ ખરીદનો જથ્થો ચૂકવવાની કુલ રકમ અને સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી વગેરે વિગતો હોય છે.
- SMS મોડ્યુલના ઉપયોગ દ્વારા ખેડૂતોને નજીકના રિલેટ આઉટલેટ પર ખાતરની ઉપલબ્ધતા વિશે સમયાંતરે SMS મોકલવામા આવે છે.
- ખેડૂત+917738299899 પર રિટેલર આઈડી સાથે SMS મોકલીને જે તે રીતે આઉટલેટ પર ઉપલબ્ધ ખાતરોની માહિતી પણ મેળવી શકે છે.

### 7) e -NAM (રાષ્ટ્રીય કૃષિ બજાર)

### કૃષિ ઉપરજોના યોગ્ય ભાવ આપનાર બજાર

આ પ્રોટલ દેશના વિવિધ કૃષિ પેદાશોને આ વેચાણ માટે ઓનલાઇન ટ્રેડિંગ પ્લેટફોર્મ છે

e -NAM (નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ) પોર્ટલનો મુખ્ય ધ્યેય સમગ્ર ભારતમાં તમામ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર માર્કેટિંગ કમિટીઓ (APMCs)ને એક નેટવર્ક સાથે જોડીને રાષ્ટ્રીય સ્તરે કૃષિ ઉત્પાદકોને બજાર પ્રદાન કરવાનો છે. ઉદાહરણ તરીકે જો હરિયાણાના ખેડૂત ગુજરાતમાં તેની ઉપજ વેચવા માંગે તો e -NAMમદદથી તેના માટે તેની કૃષિ પેદાશોનું વેચાણ કરવું અને ગુજરાતના વેપારી દ્વારા તે ખરીદવાનું એકદમ સરળ બની ગયું છે.

### માર્ચ 2022 સુધીની સિદ્ધિઓ

- દેશભરના 1000 માર્કેટ યાર્ડનો જોડાણ
- 1.73 કરોડથી વધુ ખેડૂતો 3.24 લાખ વેપારીઓ અને કમિશન એજન તથા 213 એફપીઓનું રજીસ્ટ્રેશન
- 1.82 લાખ કરોડ રૂપિયાની કૃષિ ઉપરજોનો વેપાર

### ખેડૂતો માટે e -NAMના ફાયદાઓ

- ખેડૂતો પોતાની કૃષિ પેદાશો નજીકના બજાર અથવા પોતાના ઘરેથી રાષ્ટ્રીય સ્તરે વેચાણ કરી શકે છે.
- ઘણા બધા બજારો e -NAM સાથે જોડાયેલા હોવાથી તેમજ ખરીદનારોની સંખ્યા પણ વધારે હોવાથી પારદર્શક હરાજીના કારણે ખેડૂતોને કૃષિ પેદાશોની ગુણવત્તાને અનુરૂપ સારી કિંમતો મળી રહે છે.

- ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોની વેચાણ કિંમતના નાણાંની ચુકવણી ઝડપથી થતી હોવાથી તેમની નાણાકીય સ્થિતિ સુદ્રઢ બનાવવામાં ઉપયોગી થાય છે.
- કૃષિ પેદાશોના ભાવના વલણો આવક અને વેપાર પ્રવૃત્તિઓનું વિશ્લેષણ પણ કરી શકાય છે.

## 8) પ્રાકૃતિક કૃષિ ગુજરાત મોબાઈલ એપ

આપણે પ્રકૃતિ સાથે જોડનાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે નવીનીકરણ દ્વારા  પ્રાકૃતિક ખેતી વિકાસ અને વિસ્તાર માટે સમગ્ર રાજ્ય અને દેશમાં ઈ-કોમર્સના વિકાસને શુદ્રઢ કરવા અને ખેડૂતોને પ્રાકૃતિક ઉત્પાદનોને ગ્રાહકો સુધી પહોંચવા માટે પ્રાકૃતિક કૃષિ ગુજરાત મોબાઇલ એપ શરૂ કરવામાં આવી છે.

- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અને તેનો વ્યાપ્ય વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા 14 ડિસેમ્બર 20021 ના રોજ વરણી સ્ટાર્ટ અપ ઇનોવેશન યુનિવર્સિટી તથા એચ.વી એન્ટરપ્રાઇઝ સાથે રૂપિયા 200 કરોડના સંયુક્ત એમઓયુ કરવામાં આવ્યા છે.
- શરૂઆતમાં સો જેટલા એફપીઓ દ્વારા બે લાખથી વધારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને એક મંચ પર જોડવામાં આવી રહ્યા છે.
- રાજ્ય સરકારના આ પગલાં દ્વારા હજારો લોકોને રોજગારી નો ઉત્તમ અવસર મળ્યો છે.
- આ એપ વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- આ એપ પર પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂત પોતાના પ્રાકૃતિક ઉત્પાદનોના ફોટોગ્રાફ ગુણવત્તા સર્ટિફિકેટ વગેરે અપલોડ કરે છે જેથી ગ્રાહક પોતાની પસંદગીના ખાતરીપૂર્વકના પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનો ઓર્ડર આપી પોતાના ઘરે  ડીલેવરી મેળવી શકે છે.

## 9) ઈ- ગોપાલા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો અને પશુપાલકો માટે ઘણી ઉપયોગી એ ગોપાલા નામની એપ શરૂ કરી છે આ એપ દ્વારા પશુપાલન વિશે તાંત્રિક માહિતી મળે છે.

## ઈ- ગોપાલાના ફાયદાઓ

- ખેડૂતો અને પશુપાલકો ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓની ઉપલબ્ધતા અને તેમને ખરીદવાની સુવિધા વિશે માહિતી મેળવી શકે છે.
- ખેડૂતો અને પશુપાલકોને સ્થાનિક ઝાલા સંશોધન માંથી સંતુલિત પશુ આહાર તૈયાર કરવા વિશે માહિતી ઉપલબ્ધ થાય છે.
- આયુર્વેદ વેટનરી મેડિસિન તથા ઓછી કિંમતની ઔષધી સારવારની માહિતી પણ ઉપલબ્ધ છે.

ISBN-978-81-973071-4-0
First Edition

- પશુપાલકો પોતાના રજીસ્ટર મોબાઇલ નંબરથી લોગીન કરી મારું પશુ આધાર વિકલ્પમાં તેમના નવા અને જુના પશુઓની માહિતી જોઈ શકે છે તેમજ નવા પશુઓની નોંધણી પણ કરાવી શકે છે.
- આ એપના એલર્ટસ વિકલ્પમાં  પશુપાલકોને પશુઓના રસીકરણની માહિતી પણ મળે છે.
- સરકારનું આ પગલું માત્ર આપણા ગામની જ નહીં પરંતુ આપણા પશુપાલકોને પણ આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય છે.

**10) કોમન સર્વિસ સેન્ટર (CSC)**

સામાન્ય સેવા કેન્દ્ર એ ભારતના વિવિધ ગામોમાં વિવિધ ઈલેક્ટ્રોનિક સેવાઓ પહોંચાડવા માટેની ભારત સરકારની ડિજિટલ પહેલ છે ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ ગ્રામીણ ભારતના નાગરિકોને વિવિધ ઇલેક્ટ્રોનિક સેવાઓ પહોંચાડવા માટે દેશની 2.50 લાખ ગ્રામ પંચાયતોમાં ઓછામાં ઓછા એક cscનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોમન સર્વિસ સેન્ટર ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ ના ત્રણ પાસાઓને સક્ષમ કરે છે.

- કૃષિ સેવાઓ કૃષિ બાગાયત પશુપાલન મત્સ્ય ઉદ્યોગ
- શિક્ષણ અને તાલીમ સેવાઓ શાળા કોલેજો વ્યવસાયિક શિક્ષણ રોજગાર વગેરે
- આરોગ્ય સેવાઓ ટેલી મેડિસિન આરોગ્ય ચેક કપ દવાઓ
- ગ્રામીણ બેન્કિંગ અને ભીમા સેવાઓ માઇક્રો ક્રેડિટ લોન અને વીમા
- ઉપયોગી સેવાઓ બિલ ચુકવણી ઓનલાઇન બુકિંગ
- વાણિજ્ય સેવાઓ dpt પ્રિન્ટિંગ ઇન્ટરનેટ બ્રાઉઝિંગ

**કોમન સર્વિસ સેન્ટરના ઉદ્દેશો**

- CSC ને સંપૂર્ણ સેવા વિતરણ કેન્દ્ર બનાવો જેથી ગ્રામીણ નાગરિકોને બિન ભેદભાવ પૂર્ણ ઉપયોગ કરી શકે
- સિંગલ ટેકનોલોજી પ્લેટફોર્મ હેઠળ ઓનલાઇન સેવાઓનું મૂલ્યાંકન અને એકત્રીકરણ
- સીએસસી સેવા વિતરણ ને જવાબદાર પારદર્શક અને કાર્યક્ષમ બનાવી નાગરિકોને કેન્દ્રીય ટેકનિકલ પ્લેટફોર્મ પ્રદાન કરવું .

**સમાપન**

ટેકનોલોજી અને ઇનોવેશન પારદર્શિતાશકતા તરફ આગળ વધી રહેલા ભારતમાં ડિજિટલ ઇન્ડિયા એક મજબૂત ટેકનિકલ ઉકેલ છે તો સાથે સાથે તે નવા ભારતનો સંકલ્પ આત્માને પર ભારતની સાધના અને 21મી સદીના મજબૂત બને રહેલા ભારતનું પ્રમાણ પણ બન્યું છે અમૃત કાર્ડ દરમિયાન કેન્દ્ર સરકાર ગરીબોના સન્માન સલામતી અને સમૃદ્ધિ સમર્પિત કલ્યાણકારી યોજનાઓ 100% લાભાર્થી સુધી

ISBN-978-81-973071-4-0
First Edition

પહોંચાડવાના લક્ષ સુધી લોકોના જીવન ધોરણમાં સુધારો કરી રહ્યા છે જેથી નવી ઉર્જા નવા લક્ષ સાથે 133 કરોડ લોકોના સપના નવા ભારત બનાવવાનો સંકલ્પ પૂરો થાય છે આ દરેક યોજના એ જ રીતે જન ભાગીદારી પ્રાથમિકતા આપી છે જેથી દરેક ભારતીય પોતે યોજના સાથે જોડાયેલા હોવાનું અનુભવે છે ભારતવાસીઓની તાકાતની સામે કોઈ પણ લક્ષ અશક્ય નથી આજે ભારત વિશ્વની સૌથી ઝડપી વૃદ્ધિ પામતા અર્થતંત્રમાંનું એક છે ભારતની લાંબી યાત્રા કરી છે પૂર્વતર અંતરિયાળ વિસ્તારમાં કનેક્ટિવિટી વધી છે એકંદરે ભારત આજે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

ISBN-978-81-973071-4-0
First Edition

# પ્રકરણ ૧૦: સરકારની વિવિધ ખેડૂતલક્ષી યોજના

## 1 સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ

### યોજનાનો ઉદ્દેશ

- પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ મહત્વની કડી મહિલાઓને લઇ તેનો વિકાસ.
- વિસ્તારમાં રહેલા નબળા ઢોરની જગ્યાએ જાતવાન જાનવરનો વિકાસ.
- પશુપાલન વ્યવસાય માટે જરૂરી માળખુ ઉભુ કરવું.

### પાત્રતાના ધોરણો

- આ યોજના હેઠળ મહિલા લાભાર્થી 0 થી 20નો બીપીએલ સ્કોર ધરાવતા હોવા જોઇએ.
- આ યોજના અંતર્ગતલાભાર્થી અનુ. જનજાતિનાં જ હોવ તે સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણપત્ર મેળવેલ હોવો જોઇએ.
- લાભાર્થી દ્વારા આ યોજના હેઠળ આપવાના થતા 2 પશુના યુનિટનો અગાઉ લાભ મેળવેલ ન હોવા જોઇએ.
- આ યોજના હેઠળ લાભાર્થી દૂધ  મંડળીના સભાસદ હોવા જોઇએ

### યોજનાના ફાયદા/સહાય

- આ યોજના હેઠળ પસંદ કરેલ લાભાર્થીને બે દૂધાળા પશુનો લાભ આપવામાં આવે છે. દૂધાળા પશુ ઉપરાંત સહાય, પશુ પરિવહન ખર્ચ, પશુ ખાણ- દાણ, વાસણ કીટ, પશુ  સારવાર તથા તાલીમની સંલગ્ન સવલતો આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ આપવામાં આવતી યુનિટ કોસ્ટની રકમ રૂ. ૫૪૪૦૦/- નિયત કરેલ છે. (જેમાં ભારત સરકારના સહાય રૂ. ૧૭,૪૦૦ રાજ્ય સરકારની સહાય રૂ. ૧૫૦૦૦, જીટીડીસી લોન રૂ.૨૦,૦૦૦/- તથા લાભાથી ફાળો રૂ.૨૦૦૦/-)

### અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

- આદિજાતિ વિસ્તારોમાં આવેલી જીલ્લા દૂધ ઉત્પાદક સંઘો દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે તથા યોજનાનું સમગ્ર મોનીટરીંગ સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા કરવામાં આવે છે.

## 2 કૃષિ વૈવિધ્યપૂર્ણ પ્રોજેક્ટ યોજના

### યોજનાનો ઉદ્દેશ:

- આદિજાતિ વિસ્તારના આદિજાતિ લોકોને કૃષિ થકી વધુ આવક મેળવતા થઇ શકે. આ પ્રોજેક્ટની અંતર્ગત મકાઇ, કારેલા, દુધી, ટમેટા, ભીંડા અને રીંગણ જેવા પાક માટે બિયારણ તથા ખાતરની કીટનું વિતરણ અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવામાં આવે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

**પાત્રતાના ધોરણો**

આ યોજના હેઠળ આદિજાતિના ખેતી ધરાવતા ખાતેદાર ખેડૂત કુટુંબો 0 થી 20બીપીએલ સ્કોર ધરાવતા કુટુંબોઆ યોજનાના લાભાર્થી હોય છે.

**યોજનાના ફાયદા/સહાય**

- આ પ્રોજેક્ટ અંતર્ગત મકાઈ, રીંગણ, ભીંડા, કારેલા તથા દુધી જેવા શાકભાજીના ગુણવતાના બિયારણ તથા પાકને અનુરૂપ રાસાયણીક ખાતરની કીટ તૈયાર કરી પૂરી પાડવામા અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવમાં આવે છે.
- આ યોજના હેઠળ લાભાર્થીએ રૂ. ૫૦૦ લોકફાળા તરીકે આપવાનો રહે છે.

**પ્રક્રિયા**

આ યોજના માટેના લાભાર્થીની પસંદગી તથા ચકાસણી જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં ગરીબી રેખાનીચે જીવતા તથા ફોરેસ્ટ રાઈટ એકટ ધરાવતા આદિજાતિ ખેડૂતો પૈકી લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે.

**અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

તમામ આદિજાતિ જીલ્લાઓમાં પ્રાયોજના કચેરીના પરામર્શમાં રહી અમલીકરણ એજન્સી (એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડર) દ્વારા યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

**3 પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

**યોજનાનો ઉદ્દેશ્યો**

- જલ સંચય' અને "જલ સિંચન' દ્વારા વરસાદી પાણી ઉપયોગ કરીનેજળ સંરક્ષણ અને ભૂગર્ભ જળ રિચાર્જ સંવર્ધન તથા વોટરશેડ વિકાસ જેવા કામો દ્વારા જળ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરવો.
- વરસાદ પર નોંધપાત્ર નિર્ભરતાને કારણે બીન પિયત વિસ્તારમાં ખેતી અતિ જોખમકારક અને ઓછી ઉત્પાદકતાનો વ્યવસાય બની રહેલ છે. સંજોગોમાં. અનુભવ સાથે રક્ષણાત્મક સિંચાઇ ટેકનોલોજી અને ઉત્પાદકતા વૃદ્ધિ તરફ દોરી જતાં ઇનપુટ્સ દ્વારા સૂક્ષ્મ સિંચાઈને લોકપ્રિય કરી વધુ ઉત્પાદક વધુ આવક દ્વારા ગ્રામીણ વિકાસ હાંસલ કરવો .

**પાત્રતાના ધોરણો**

રાજ્ય દ્વારા તમામ જિલ્લાઓના ડીસ્ટ્રીક ઇરીગેશન પલાન તૈયાર કરવાના રહે છે અને તે મુજબ રાજ્યનો સ્ટેટ ઇરીગેશન પ્લાન તૈયાર કર્યથી આ યોજના માટે યોગ્યતા/લાયકાત સિધ્ધ થાય છે.

**યોજનાના ફાયદા/સહાય**

- યોજના અંતર્ગત “પર ડ્રોપ ક્રોપ' માટે સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિથી કુલ પિયત વિસ્તારમાં વધારો
- પિયત જરૂરીય પયોગીતા વચ્ચે કડી રૂપ બને છે .

- પાણી વિતરણ વ્યવસ્થા મજબુત બને છે.
- પાણી વપરાશની કાર્યક્ષમતા વધે છે .
- પાક ઉત્પાદકતા વધે છે અને ખેતી ખર્ચ ઘટે છે.
- રોગ અને જીવાતથી થતું નુકસાન ઘટે છે.

**પ્રક્રિયા**

આ યોજના હેઠળ 'પર ડ્રોપ મોર ક્રોપ" ઘટક માટે સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અંતર્ગતનો લાભ મેળવવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની , વડોદરાને ખેતીને લગતા સાધનિક કાગળો સહિત અરજી કરવાની રહે છે.

**અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

આ યોજના અંતર્ગત 'પર ડ્રોપ મોર ક્રોપ' સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તક કામગીરી છે અને પર 'પર ડ્રોપ મોર ક્રોપ' ઘટક માટેની અમલીકરણ એજન્સી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., વડોદરા છે.

**4 પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFYB)**

**યોજનાનો ઉદ્દેશ**

- અણધાર્યા સંજોગો/ઘટનાના કારણે ખેડૂતોને પાક નુકસાનીથી જે આર્થિક નુકસાન થયું હોય તેમને આર્થિક ટેકો આપવો.
- ખેડૂતોની આવક સ્થિર રાખવી જેથી તેઓ ખેતી વ્યવસાય ક્ષેત્રે ટકી રહે.
- ખેડૂતોને ખેતી માટે આધુનિક અને નવીન ટેકનિક અપનાવવા પ્રોત્સાહન આપવું.
- કૃષિ ક્ષેત્રમાં ધિરાણ/નાણાંનો પ્રવાહ જાળવી રાખવો.

**પાત્રતાના ધોરણો**

- બધા ખેડૂતો જેમાં ભાગિયા/ભાગીદાર અને ગણોત ઓ નોટીફાઈડ વિસ્તારમાં નોટીફાઈડ પાક પકવતા હોય, તેઓ આ યોજના આવરી લેવાને પાત્ર છે.
- બધા ખેડૂતો જેઓ મોસમી ખેતીની કામગીરી માટે નાણાંકીય સંસ્થાઓ પાસેથી નોટીફાઈડ પાક માટે ધિરાણ મેળવી (એટલે કે ધિરાણી ખેડૂતો) ખેડૂતોને ફરજીયાતપણે આવરી લેવાના રહેશે.

**યોજનાના ફાયદા / સહાય**

- આ યોજના હેઠળ ખેડૂતો દ્વારા  માટે બે ટકા,રવીપાક માટે ૧.૫ ટકા તેમજ વાર્ષિક વાણિજિયક અને વાર્ષિક બુગાયતી પાકો માટે પાંચ ટકા સુધીનું પ્રિમિયમ ભરવાનું થાય છે.
- આ યોજના હેઠળ પાક જણાવેલ તબક્કાઓ અને પાકને નુકસાન થાય તેવા જોખમ આવરી લેવામાં આવેલ છે.

**વાવેતર ન થવું/રોપણી ન થવી (Prevented sowing):**ઓછા વરસાદને કારણે અથવા વિપરીત મોસમની સ્થિતિના કારણે, વીમા હેઠળના સ્તારમાં વાવણી અને વાવેતરને રોકાવું પડે તેવા સંજોગોમાં.

**ઊભો પાક (વાવણીથી લણણી સુધી)**: અટકાવી ન શકાય તેવા જોખમો એટલે કે દુકાળ, વરસાદ ન પડવો, પૂર, વધારે વરસાદ/જળબંબાકાર, જીવાત અને રોગો, જમીન ખસવી, કુદરતી આગ, વીજળી પડવી, વાવાઝોડું, બરફના તોફાન, ચક્રવાત અને ચક્રવાતના કારણે થતો વરસાદ તેમજ કમોસમી વરસાદ/માવઠાંના જોખમોના કારણે થતુંનુકસાન વ્યાપક રીતે આવરી લેવામાં આવે છે.

**કાપણી પછીના નુકસાન**: કાપણી બાદના બે સપ્તાહ સુધીના સમયને આ વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

**સ્થાનિક આપત્તિઓ**: નોટીફાઈડ વિસ્તારમાં કરા પડવા, જમીન ખસવી અને જળ બંબાકારના કારણે સ્થાનિક વિસ્તારમાં પાકને નુકસાન.

**ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઈ** : મુખ્ય પાકો માટે મધ્યવતી પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે થયેલ નુકસાન માટે ખેડૂતોને ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઈ

**પ્રક્રિયા**

રાજય કક્ષાએ સચિવશ્રી, કૃષિના અધ્યક્ષપણા હેઠળ વીમા યોજનાની સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. સદર સમિતિ કેન્દ્ર સરકારશ્રીની માર્ગદર્શ મુજબ જે તે ઋતુની શરુઆતમાં ટેન્ડર/બીડ કરી અમલકર્તા સંસ્થાઓ નક્કી કરવાનું રહેશે તેમજ યોજના હેઠળ આવરી લેવાનાર પાક, ડીફાઇન્ડ વિસ્તાર, પ્રિમિયમના દર, પ્રિમિયમમાં સબસીડી, વિમાપાત્ર રકમ વગેરે બાબતો નક્કી કરે છે જે તે ઋતુનો ઠરાવ બહાર પાડશે.જેના આધારે જે તે નોટીફાઈડ વિસ્તાર પાકો માટે ખેડૂતો દ્વારા દરખાસ્ત પત્રક ઓનલાઈન રજુ કરવાનું રહેશે તેના આધારે યોજનાની અમલકર્તા સંસ્થા બેંકો મારફતે પ્રિમિયમ સ્વીકારશે, દાવોઓની ગણતરી કરી નિયમોનુસાર મળવાપાત્ર દાવાઓ મંજુર કરશે અને ન મારફતે ખેડૂતોના ખાતામાં પાક વિમાના દાવાની રકમ જમા કરાવશે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા**:

ભારતીય કૃષિ વિમા કંપ અને ભારત સરકારશ્રી દ્વારા એમ્પનલડ થયેલ અન્ય વિમા કંપનીઓ પાસેથી ટેન્ડર/બીડ મંગાવી પ્રિમિયમના દર તથા વીમા કંપનીઓ નક્કી કરવાની રહેશે આ સંસ્થા યોજનાની અમલીકરણ સંસ્થા તરીકે કાર્યવાહી કરશે.

**અન્ય શરતો**:

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)ની ઓપરેશનલ ગાઈડલાઈનમાં જણાવેલ જોગવાઈઓને ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

## 5) વેલાવાળા પાકો માટે મંડપ બનવવા માટે સાધન સહાય યોજના

### વર્ટીકલ ક્રોપીંગ સીસ્ટમ

વેલાવાળા પાકો માટે મંડપ  બનવવા (વર્ટીકલ ક્રોપીંગ સીસ્ટમ)માટે સાધન સહાય યોજના

**યોજનાનો ઉદ્દેશ:**

આ યોજનાનો ઉદેશ્ય આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી વ્યવસ્થા દ્વારા રોજગારી તકો વિકસાવી કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધાર કરવાનો છે.

**પાત્રતાના ધોરણો:**

આ યોજના હેઠળ આદિજાતીના ખેતી ધરાવતા ખાતેદાર ખેડૂત કુટુંબો આ યોજનાના લાભાર્થીઓને રહેશે.

**યોજનાના ફાયદા/સહાય**

આ યોજના હેઠળ લાભાર્થીઓનેવેલાવાળા પાકો માટે ૧૦ ગુઠા માટે મંડપ તૈયાર કરવા માટે જરુરી સાધન ખરીદવા માટે રૂ. ૧૪૫૬૦ નાણાકીય સહાય કરવામાં આવશે.

**પ્રક્રિયા**

- આ યોજના માટેના લાભાર્થીની પસં જલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દવારા કરવામાં આવશે. લક્ષ્યાંક મુજબ પાકની ઋતુ (સીઝન) શરૂ થાય તે પહેલા અરજીઓ મંગાવવાની રહેશે. જે અરજીઓ પૈકી લાભાથીની પાત્રતા ધ્યાને રાખી પાત્ર અરજીઓ અલગ કરી મંજુર કરવાની રહેશે.

**અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

જીલ્લા કક્ષાએ  યોજનાના  અમલીકરણ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી મારફત થશે.

## 6) e-Shram Portal

### ઈ-શ્રમ પોર્ટલ (આરંભ 1 ફેબ્રુઆરી 2020)

સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયે કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોના અસંગઠિત કામદારોની વિગતો એકઠી કરી, તેનું આધાર સાથે જોડાણ કરવા માટે ઈ-શ્રમ પોર્ટલ શરૂ કર્યું છે.

### ઈ-શ્રમ પોર્ટલના ફાયદાઓ

- કેન્દ્ર રાજ્ય સરકારને નવી નીતિઓ અને યોજનાઓ ઘડવા માટેની આધારભૂત આંકડાકીય માહિતી મળી રહેશે.
- અસંગઠીત કામધારો માટે સામાજિક સુરક્ષા સેવાઓના અમલીકરણમાં કાર્યક્ષમ સુધારો થશે.
- નોંધાયેલ અસંગઠિત કામદારોના સંબંધમાં વિવિધ સંસ્થાઓ દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા અને કલ્યાણી યોજનાઓની સહભાગીતા માટે માહિતીની વહેંચણી થશે.
- સ્થળાંતરિત કામદારોને સામાજિક સુરક્ષા અને કલ્યાણ લાભુ ની સમગ્ર દેશમાં ઉપલબ્ધતા.

ISBN-978-81-973071-4-0
First Edition

- ભવિષ્યમાં કોવિડ 19 જેવી રાષ્ટ્રીય કટોકટી સામનો કરવા માટે કેન્દ્ર રાજ્ય સરકારને વ્યાપક આંકડાકીય આધાર પૂરો પાડવો.

**પોર્ટલ પર નોંધણી કરવા માટેની પાત્રતા**

- ઉંમર 16 થી 59 વર્ષની વચ્ચે હોવી જોઈએ.
- EPFO અથવા ESICના સભ્યો ન હોવા જોઈએ.
- આવકવેરો ધરના ન હોવા જોઈએ
- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા હોવા જોઈએ.

**પોર્ટલ પર નોંધણી કરાવવા માટે જરૂરીયાત વિગતો**

- આધાર કાર્ડ
- બેંક પાસબુક
- રેશનકાર્ડ
- વીજળી બિલ
- મોબાઈલ નંબર કે જે આધારકાર્ડ સાથે લીંક હોય
- વધુ માહિતી માટે https://eshram.gov.in

**7) પ્રધાનમંત્રી કિસાન માનવ ધન યોજના**

સરકારના રોજગાર મંત્રાલય દ્વારા ખેડૂતોની વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા માટે પ્રધાનમંત્રી કિસાન માનવ ધન યોજના ચલાવવામાં આવે છે આ પેન્શનની રકમ ખેડૂતને વૃદ્ધાવસ્થામાં નાણાકીય જરૂરિયાત પૂરી કરવામાં મદદ કરે છે.

પ્રધાનમંત્રી કિસાન માનવધન યોજનાના ફાયદાઓ

- ખેડૂતને 60 વર્ષની વય પૂર્ણ કર્યા પછી દર મહિને ₹3,000 નું લઘુત્તમ ખાતરીપૂર્વક પેન્શન મળશે
- જો ખેડૂત મૃત્યુ પામે તો ખેડૂતના જીવનસાથી પેન્શનના 50% મેળવવા માટે હકદાર રહેશે.

**યોજનામાં નોંધણી કરાવવા માટેની પાત્રતા**

- 18 થી 40 વર્ષની જૂથમાં આવતા અને બે હેક્ટર સુધીની ખેતીલાયક જમીન ધરાવતા તમામ નાના અને સીમાન્ત ખેડૂતો જેમના નામે એક ઓગસ્ટ 2019ના રોજ રાજ્ય અથવા કેન્દ્રશાષિત પ્રદેશોના જમીન રેકોર્ડો છે તેઓ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર છે.

**યોજનામાં સભ્યો દ્વારા માસિક યોગદાન**

- 18 થી 40 વર્ષના વય જૂથના અરજદારોએ 60 વર્ષની ઉંમર સુધી પહોંચે ત્યાં સુધી દર મહિને ૫૫ થી ૨૦૦ રૂપિયા સુધીનું માસિક યોગદાન આપવાનું રહેશે.

ISBN-978-81-973071-4-0
First Edition

## 8) પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધી યોજના

## (આરંભ 1 ડિસેમ્બર,2018)

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ એ 100% કેન્દ્ર સરકાર /રાજ્ય સરકારની યોજના છે જેનો હેતુ ખેડૂતોને આર્થિક સહાય આપવાનો છે.

## પીએમ કિસાન સન્માન નિધી યોજનાનો ઉદ્દેશ

ભારતીય કૃષિ ક્ષેત્રમાં મોટાભાગના ખેડૂતો સીમાંત હોય છે અને ઘણીવાર આર્થિક રીતે સમૃદ્ધ હોતા નથી. ખેડૂત સમુદાયો પરના ફાઇનાન્શિયલ બોજને ઘટાડવા માટેના બોજામાં, કેન્દ્ર સરકારે પીએમ કિસાન યોજનાને અમલમાં મૂકી હતી.

આ પહેલનો હેતુ નાના ખેડૂતો અને તેમના પરિવારોને વાર્ષિક ન્યૂનતમ રૂપિયા 6,000 ની આવક સહાય પ્રદાન કરીને થતી નાણાંકીય સમસ્યાને દૂર કરવાનો છે. યોજનાના ભાગરૂપે ખેડૂતોને પ્રાપ્ત થયેલા ભંડોળનો ઉપયોગ તેમની નાણાંકીય જવાબદારીઓને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા માટે કરી શકાય છે

## આ યોજના કેવી રીતે અમલમાં આવી?

વર્ષ 2018માં તેલંગાણા સરકાર તેના રાજ્યના નાના અને સીમાંત ખેડૂતો માટે નાણાંકીય સહાય યોજના સાથે આવી હતી. ઋતુ બંધુ યોજના તરીકે ઓળખાય છે, યોગ્યતા ધરાવતા ખેડૂતોને તેમના કૃષિ પ્રયત્નોને ટેકો આપવા માટે વર્ષમાં બે વાર ચોક્કસ રકમ વિતરિત કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રયત્નોએ ખેડૂતો અને અન્ય હિસ્સેદારો પાસેથી મોટો સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

તેલંગાણા સરકારની ખેડૂત આવક સમર્થન યોજનાની સફળતાને રાષ્ટ્રવ્યાપી ધોરણે પુનરાવર્તિત કરવાના હકમાં, કેન્દ્ર સરકારે પીએમ કિસાન સમ્મન નિધિ યોજના રજૂ કરવાનો નિર્ણય લીધો હતો. અમલીકરણના પ્રથમ વર્ષ દરમિયાન, આ યોજના માટે લગભગ રૂપિયા 75,000 કરોડ ફાળવવામાં આવ્યા હતા.

## પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધી યોજનાનો લાભ

- ખેડૂતોને વાર્ષિક ₹6,000 ની વર્ષમાં ત્રણ હપ્તામાં આર્થિક મદદ મળે છે.
- જે રકમોના હપ્તાઓ સીધા ખેડૂત ના આધાર કાર્ડ સાથે જોડાયેલ બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

## પીએમ કિસાન સમ્મન નિધી યોજનાની વિશેષતાઓ શું છે?

એક નાના સમયના ખેડૂત તરીકે, તમારે જાણવાની જરૂર છે કે પ્રધાનમંત્રી કિસાન સમ્મન નિધિ યોજનાની નોંધપાત્ર સુવિધાઓ શું છે. યોજનાની કેટલીક મુખ્ય વિશેષતાઓનું ઝડપી અવલોકન અહીં છે:

- **નિયમિત અંતરાલ પર આવક સમર્થન**:
  આ યોજના હેઠળ વાર્ષિક રૂપિયા 6,000ની નાણાંકીય સહાય એક જ ચુકવણી તરીકે વિતરિત કરવામાં આવતી નથી. તેના બદલે આ રકમ ત્રણ હપ્તામાં સમાન રીતે વિભાજિત કરવામાં આવે છે અને દરેક 4 મહિને એક વર્ષમાં તેનું વિતરણ કરવામાં આવે છે. આ સુનિશ્ચિત કરે છે કે તમારી ફાઇનાન્શિયલ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તમારી પાસે નિયમિત આવકના સ્રોતનો ઍક્સેસ છે.
- **જમીનની માલિકી પર મર્યાદા**:
  કારણ કે સંપૂર્ણ ઉદ્દેશ નાના સમયના ખેડૂતોને મદદ કરવાનો છે, જો તમારી પાસે 2 હેક્ટર જમીન છે તો જ તમે યોજનાના લાભોનો દાવો કરી શકો છો.
- **ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)**:
  પ્રધાનમંત્રી કિસાન સમ્મન નિધી યોજના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા ભંડોળ વિતરિત કરે છે. આ ખોટી પ્રથાના ઘટનાને ઘટાડે છે અને તે સુનિશ્ચિત કરે છે કે નાણાંકીય સહાય ઉદ્દેશિત ખેડૂતો સુધી પહોંચે.

## પીએમ કિસાન યોજના માટે કોણ પાત્ર છે?

પીએમ કિસાન સમ્મન નિધિ યોજના હેઠળ લાભોનો દાવો કરવા માટે, તમારે માપદંડની નીચેની સૂચિને સંતુષ્ટ કરવાની જરૂર છે:

- તમે ભારતીય નાગરિક હોવા જોઈએ
- તમારે એક માર્જિનલ અથવા નાના સમયના ખેડૂત હોવા જોઈએ
- તમારી પાસે 2 હેક્ટરથી વધુ ન હોય તેવી ખેતીલાયક જમીન હોવી આવશ્યક છે

## પીએમકેએસવાયમાંથી કોને બાકાત કરવામાં આવ્યું છે?

પીએમ કિસાન યોજનાએ ચોક્કસ બાકાતના માપદંડને પણ સૂચિત કર્યું છે. જો તમે નીચે સૂચિબદ્ધ કરેલ બાકાતના માપદંડને પૂર્ણ કરો છો તો તમે યોજનાના લાભોનો ક્લેઇમ કરી શકતા નથી:

- જો તમે પાછલા મૂલ્યાંકન વર્ષમાં આવકવેરાની ચુકવણી કરી છે
- જો તમે એક વર્તમાન અથવા ભૂતપૂર્વ નાગરિક સેવક છો જે સરકારી અથવા સંવૈધાનિક પદ ધરાવે છે અથવા ધરાવે છે
- જો તમે સંસ્થાકીય જમીન માલિક છો
- જો તમને અથવા તમારા પરિવારના સભ્યને નિવૃત્તિ અથવા નિવૃત્તિના પરિણામે દર મહિને રૂપિયા 10,000 અથવા તેનાથી વધુનું પેન્શન પ્રાપ્ત થાય છે
- જો તમે અથવા તમારા પરિવારના સભ્ય ડૉક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ), વકીલ, એન્જિનિયર અથવા આર્કિટેક્ટ જેવા પ્રોફેશનલ છે.

ISBN-978-81-973071-4-0
First Edition

## પીએમ કિસાન સમ્મન નિધી યોજના માટે નોંધણી કેવી રીતે કરવી?

જો તમે પ્રધાનમંત્રી કિસાન સમ્મન નિધિ યોજના પાત્રતાના માપદંડને સંતુષ્ટ કરો છો, તો તમે નીચેની કોઈપણ પદ્ધતિ દ્વારા યોજના માટે નોંધણી કરાવી શકો છો:

**પદ્ધતિ 1: પીએમ કિસાન યોજના નોડલ અધિકારીઓ દ્વારા**

આ યોજના અનુસાર, દરેક રાજ્ય સરકારે પીએમ કિસાન નોડલ અધિકારીની નિમણૂક કરવી ફરજિયાત છે. તમે યોજના માટે નોંધણી કરાવવા માટે નોડલ અધિકારીનો સંપર્ક કરી શકો છો.

**પદ્ધતિ 2: આવક અધિકારીઓ દ્વારા**

વૈકલ્પિક રીતે, તમે તે વિસ્તાર માટે તમારા સ્થાનિક પટવારી અથવા સંબંધિત આવક અધિકારીની મુલાકાત લઈ શકો છો જ્યાં તમારી ખેતીલાયક જમીન યોજના માટે નોંધણી કરવા માટે સ્થિત છે.

**પદ્ધતિ 3: સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી) દ્વારા**

પીએમ કિસાન સમ્મન નિધિ યોજના માટે ઑનલાઇન નોંધણી કરવા માટે તમે તમારા નજીકના કૉમન સર્વિસ સેન્ટર (સીએસસી)ની મુલાકાત લઈ શકો છો. જો કે, ધ્યાનમાં રાખો કે સેવાનો લાભ લેવા માટે તમારે નજીવી ફી ચૂકવવી પડી શકે છે.

**પદ્ધતિ 4: સત્તાવાર વેબસાઇટ દ્વારા**

જો તમે તકનીકી રીતે અપનાવી રહ્યા છો, તો તમે પીએમ કિસાન સમ્મન નિધિ યોજનાની અધિકૃત વેબસાઇટની મુલાકાત લઈને અને ઑનલાઇન અરજી સબમિટ કરીને સ્કીમ માટે પોતાની નોંધણી કરાવી શકો છો.

## નોંધણી કરવા માટે કયા દસ્તાવેજોની જરૂર છે?

પ્રધાનમંત્રી કિસાન સમ્મન નિધી યોજના માટે રજિસ્ટર કરવા માટે, તમારે નીચેના ડૉક્યૂમેન્ટનો સેટ સબમિટ કરવાની જરૂર છે:

- તમારા આધાર કાર્ડની એક કૉપી તમારી ઓળખ અને સરનામાના પુરાવાની એક કૉપી
- માલિકીના પુરાવા તરીકે તમારા જમીન દસ્તાવેજોની એક કૉપી
- તમારી પાસબુક અથવા બેંક સ્ટેટમેન્ટની એક કૉપી
- પીએમ કિસાન યોજનાની લાભાર્થી સ્થિતિ કેવી રીતે તપાસવી?

**જો કોઈપણ સમયે તમે તમારા પીએમ કિસાનના લાભાર્થીની સ્થિતિ જાણવા માંગો છો, તો તમારે જે પગલાંઓ અનુસરવાની જરૂર છે તે અહીં આપેલ છે.**

પગલું 1: પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાની અધિકૃત વેબસાઇટની મુલાકાત લો.

પગલું 2: હોમપેજની જમણી બાજુ 'તમારી સ્થિતિ જાણો' વિકલ્પ પર ક્લિક કરો.

પગલું 3: તમારો રજિસ્ટ્રેશન નંબર અને કૅપ્ચા કોડ દાખલ કરો.

પગલું 4: 'ડેટા મેળવો' બટન પર ક્લિક કરો.

ISBN-978-81-973071-4-0
First Edition

## નિષ્કર્ષ

પીએમ કિસાન સમ્માન નિધિ યોજના ગ્રામીણ અને શહેરી બંને પ્રદેશોમાં સ્થિત નાના સમયના ખેડૂતો માટે કેટલીક સામાજિક સુરક્ષા યોજનાઓમાંથી એક છે.

## 9) સોઈલહેલ્થકાર્ડયોજના (જમીન આરોગ્ય પત્રક)

## સોઈલહેલ્થકાર્ડ યોજનાનો પરિચય

આ યોજનાની શરૂઆત 5 ડિસેમ્બર 2015ના કૃષિખેડૂત મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. 19 ફેબ્રુઆરી 2015માં રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાના સુરતગઢમાં સોઈલહેલ્થકાર્ડ યોજનાનો શુભારંભ કર્યો હતો, ત્યારબાદ તમામ રાજયો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશમાં આ યોજનાનો પ્રારંભ કર્યો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને જમીનમાં રહેલ પોષકતત્વોની સ્થિતિની જાણકારી આપી ઉણપ હોય તેવા પોષક તત્વોની ભલામણ કરી જમીનમાં વધુ ઉપજ મેળવાનો અને જમીનની ફળદ્રુપતા લાંબો સમય સુધી જાળવી રાખવાનો છે. આ યોજના અંતર્ગત 3 વર્ષની અવધિ માટે 568.54 કરોડરૂ.ની ફાળવણી કરવામાં આવી હતી આ યોજના અંતર્ગત 14 કરોડ સોઇલહેલ્થકાર્ડ તૈયાર કરી દર ત્રણ વર્ષ 253 લાખ જમીનના નમૂનાનુ પરીક્ષણ કરવાનો લક્ષ્યાંકથી આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

**આ યોજનાની થીમ**:- "સ્વથ્ય ધરા, ખેત હરા રાખવામાં આવી હતી".

## 2. સોઈલહેલ્થકાર્ડ (જમીન આરોગ્ય પત્રક) શુ છે?

સોઈલહેલ્થકાર્ડને ખેડૂતની જમીનનો રિપોર્ટ અથવા કુડળી એમ કહી શકાય છે. જેમાં ખેડૂતની જમીનનો નમુનો લઇ તેની ચકાસણી પ્રયોગશાળામાં પૃથ્થકરણ કરી તૈયાર કરવામાં આવે છે, તથા જમીન માલિક, જમીનનો પ્રકાર, જમીનમાં પોષકતત્વોની લભ્યતા, જમીન ફળદ્રુપતા, જમીનમાં ખારાશ વગેરેની માહિતી મળે છે.

આ કાર્ડમાં નીચેની માહિતી સામેલ છે.

**કાર્યાત્મક લક્ષણો**

પાણી અને પોષકતત્વો

જૈવિક ગુણધર્મો

સોઈલહેલ્થકાર્ડના અહેવાલમાં જમીન સાથે જોડાયેલ 12 પરિણામોની માહિતી આપવામાં આવી છે જેમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ, સલ્ફર, ઝિંક, આયર્ન(લોહ), કોપર, મેંગનિઝ, બોરોન, પી.એચ. ક્ષારતા અને સેન્દ્રિય કાર્બનનો સમાવેશ થાય છે.

આમ, સોઈલહેલ્થકાર્ડ દ્વારા જમીનમાં ઉપલબ્ધ મુખ્ય તત્વો, ગૌણ તત્વો અને સુક્ષ્મ તત્વોનુ પ્રમાણ કેટલું છે, તે જાણી ખેડૂતે આ જમીનમાં કયો પાક લઇ શકે અને જમીનમાં કેટલાં પ્રમાણમાં સેન્દ્રિય ખાતરો,

કેટલા પ્રમાણમાં રાસાયણિક ખાતરો અને કેટલાં પ્રમાણમાં સુક્ષ્મ તત્વોની જરૂરિયાત છે તેની ભલામણ દર્શાવેલ હોય છે.

**3. જમીન ચકાસણીની જરૂરીયાત શા માટે?**

સોઈલહેલ્થકાર્ડ કઢાવાથી આ માહિતી અને માર્ગદર્શન મેળવી શકાય છે.

જમીનનો પી.એચ.આંક.

જમીનમાં જુદા- જુદા પોષક તત્વો કેટલા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

જમીનની ફળદ્રુપતાની કક્ષા જાણી શકાય છે.

પાકને ખાતરોની જરૂરીયાત નક્કી કરી કેટલા પ્રમાણમાં આપવા તે જાણી શકાય છે.

જમીન કયા ખેતી પાકો માટે અનુકુળ છે તે જાણી શકાય છે.

જમીન ખારી કે ભાસ્મિક હોય તો તે જાણી તેને સુધારવાના ઉપાય થઇ શકે છે.

જમીનનું બંધારણ, નિતાર શક્તિ, ભેજ સંગ્રહ શક્તિ જેવા જમીનના ભૌતિક ગુણધર્મો જાણી શકાય છે.

ઓછા પાક ઉત્પાદનનું કારણ જાણી શકાય છે.

**સમાપન:-**

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સરકારી યોજનાઓથી ખેડૂતોને આર્થિક લાભ પ્રાપ્ત થયો છે. આ યોજનાઓ થકી ખેડૂત સલામતી અનુભવે છે આર્થિક લાભને કારણે તે ખેતીમાં વધારે રોકાણ કરી વધુ આવક પ્રાપ્ત કરી શકે છે.

ISBN-978-81-973071-4-0
First Edition

## સંદર્ભો


- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://presidentofindia.nic.in/sites/default/files/2024-01/parliamentspeech.pdf
- https://dea.gov.in/sites/default/files/The%20Indian%20EconomyA%20Review_Jan%202024.pdf?app=true
- https://www.myscheme.gov.in/hi/schemes/pmkmy
- https://agriwelfare.gov.in/en/Dept
- https://pib.gov.in/PressReleaseIframePage.aspx?PRID=1946816#:~:text=The%20Pradhan%20Mantri%20Kisan%20Samman,three%20equal%20installments%20of%20Rs
- https://www.india.gov.in/spotlight/pm-kusum-pradhan-mantri-kisan-urja-suraksha-evam-utthaan-mahabhiyan-scheme
- https://pib.gov.in/PressReleaseIframePage.aspx?PRID=1982446
- https://pib.gov.in/PressReleseDetailm.aspx?PRID=1942519
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://presidentofindia.nic.in/sites/default/files/2024-01/parliamentspeech.pdf
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://dea.gov.in/sites/default/files/The%20Indian%20Economy-A%20Review_Jan%202024. pdf?app=true
- https://dea.gov.in/sites/default/files/The%20Indian%20Economy-A%20Review_Jan%202024.pdf ?app=true
- https://dea.gov.in/sites/default/files/The%20Indian%20EconomyA%20Review_Jan%202024.pdf ?app=true
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://dea.gov.in/sites/default/files/The%20Indian%20EconomyA%20Review_Jan%202024.pdf ?app=true
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf
- https://www.indiabudget.gov.in/doc/Budget_Speech.pdf